ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

# શ્રી સારસ્વત

મુખપત્ર

Published on 28th Every Two Month

શિક્ષણ ※ સંસ્કાર ※ વિકાસ ※ સર્જન ※ સેવા ※ સફળતા




વાર્ષિક લવાજમ : રૂા. ૩૦૦/-    છૂટક નકલ : રૂા. ૩૦/-

વર્ષ : ૨૨    અંક : ૧/૨    સળંગ અંક : ૨૧૯/૨૨૦    એપ્રીલ / મે - ૨૦૨૬

: અધ્યક્ષ :
**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર, જિ. મહિસાગર

: પ્રમુખ :
**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઇડર, જિ. સા.કાં.

: મુખ્ય સંપાદક :
**શ્રી અમિત આર. પંડ્યા**
શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર, અમદાવાદ

ભારતના

# સરદાર વલ્લભભાઈ પટેલ

## ભારતના લોહપુરુષ



31 ઓક્ટોબર, 1875 – 15 ડિસેમ્બર, 1950

સરદાર વલ્લભભાઈ પટેલ એ ભારતના સ્વતંત્રતા સેનાની, દુરદર્શી નેતા અને સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહમંત્રી તથા ઉપપ્રધાનમંત્રી હતા.

- ભારતના એકીકરણમાં તેમનું યોગદાન અદ્વિતીય છે.
- 562 દેશી રજવાડાઓનું ભારતમાં વિલીન કરાવીને એક અખંડ ભારતનું નિર્માણ કર્યું.
- તેમની દૃઢ ઇચ્છાશક્તિ, કાર્યશૈલી અને દેશપ્રેમ માટે તેમને 'લોહપુરુષ' કહેવામાં આવે છે.

"મજબૂત ભારતના નિર્માણ માટે એકતા અને અખંડિતતા આવશ્યક છે."

# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

**કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,**

**હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર**

**www.shreesaraswat.com**

**વર્ષ : ૨૨ અંક-૧/૨ સળંગ અંક : ૨૧૯/૨૨૦ એપ્રિલ/મે-૨૦૨૬ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦**



**-: અધ્યક્ષ :-**

**શ્રી જયપ્રકાશ પી. પટેલ**

મુ. પો. જાનવડ, તા. સંતરામપુર,
જિ. મહીસાગર-૩૮૯૨૬૦
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર
જિ. મહીસાગર
(મો.) ૯૪૨૬૫૦૯૨૨૬
E-mail : jppatelbjp@gmail.com

**-: પ્રમુખ :-**

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**

શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.
૧૮, પ્રેમપુર બંગ્લોઝ, ઉમિયા સીટી
હોમ્સની બાજુમાં, ગાયત્રી
મંદિર રોડ, મહાવીરનગર,
હિંમતનગર, જિ. સાબરકાંઠા
(મો.) ૭૮૭૪૮૦૪૪૦૪

**-: મુખ્ય સંપાદક :-**

**શ્રી અમિત પંડ્યા**

શ્રી માતૃછાયા હાયર
સેકન્ડરી સ્કૂલ
સુખરામનગર,
ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧.
(મો.) ૯૯૭૪૫૨૫૨૩૨

**-: ઉપાધ્યક્ષ :-**

**શ્રી હરદેવસિંહ પી. જાડેજા**

ચંદ્રસિંહજી હાઈસ્કૂલ,
મુ. ધ્રોલ, તા. ધ્રોલ,
જિ. જામનગર
(મો.) ૯૪૨૬૯૭૫૮૩૩

**-: કલ્યાણનિધિ કન્વીનર :-**

**શ્રી સુરેશભાઈ પી. સરસાવડિયા**

શ્રી સાવડી હાઈસ્કૂલ,
સાવડી, તા. ટંકારા,
જિ. મોરબી.
(મો.) ૯૯૯૮૧૬૭૮૩૬

**-: અન્વેષક :-**

**શ્રી પંકજકુમાર સી. પરમાર**

એન.એમ. વાડિયા (તાતા વાડિયા)
હાઈસ્કૂલ, નાગરોલ. તા. ઉમરગામ,
જિ. વલસાડ-396135.
(મો.) 9825697398

**મહામંત્રી**

| -: ઉત્તર ઝોન :- | -: મધ્ય ઝોન :- | -: દક્ષિણ ઝોન :- | -: સૌરાષ્ટ્ર ઝોન :- |
|---|---|---|---|
| **શ્રી ભરતભાઈ એમ. ચૌધરી** | **શ્રી કેતનભાઈ ચંદુભાઈ પટેલ** | **શ્રી મિતેષકુમાર એસ. પટેલ** | **શ્રી સુનીલકુમાર સી. બરોચિયા** |
| શ્રીમતી તા.ર.કૂ.શાહ સાર્વ. હાઈસ્કૂલ માણકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર | આર. કે. વિદ્યાલય, પેટલાદ. જિ. આણંદ | શ્રી ડી. કે. પટેલ સાર્વ. હાઈસ્કૂલ, થુવાવી, તા. ડભોઈ, જિ. વડોદરા. | આર.એલ. અમૃતિયા હાઈ., ગોંડલ ત્રાકુડા, સ્મિત ગણેશ-નગર, ગુંદાળા રોડ, ગોંડલ. |
| (મો.) ૯૯૨૪૩૩૫૨૧૦ | (મો.) ૭૬૯૮૪૩૫૨૩૫ | (મો.) ૯૪૨૮૧૧૬૬૮૯ | (મો.) ૯૮૭૯૫૩૩૦૬૯ |

**-: પ્રમુખના મંત્રી :-**

**શ્રી પંકજકુમાર આર. પટેલ**

સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ, મુ. પો. તા. લુણાવાડા,
જિ. મહીસાગર. (મો.) 9428446720

**-: સારસ્વત સહ સંપાદક :-**

**શ્રી દિપકકુમાર પી. પટેલ**

લાયોનેસ કર્ણાવતી એમ.એચ. હિન્દી હા.સે. સ્કૂલ, નવા વાડજ,
અમદાવાદ-380013. (મો.) 9427311939

# શ્રી સારસ્વત

"न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते "


કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,
હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર
www.shreesaraswat.com

વર્ષ : ૨૨ અંક-૧/૨ સળંગ અંક : ૨૧૯/૨૨૦ એપ્રિલ/મે-૨૦૨૬ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦


## અનુક્રમણિકા



1. અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર ....05
2. મહામંત્રીશ્રીનો પત્ર ....07
3. સંપાદકીય ....08
4. શ્રેષ્ઠતા સંસ્કૃતિ : શાળા ગુણવત્તા મૂલ્યાંકન (SQAA) : શૈક્ષણિક ઉત્કૃષ્ટતા તરફનો માર્ગ
   - ડૉ. નીરવ એન. ઠક્કર ....10
5. ગુરુકુળ શિક્ષણ વ્યવસ્થાનું પુનરુત્થાન : એકાંગી શિક્ષણ વ્યવસ્થાના પરિણામો
   - સંપૂર્ણ જીવન, વડોદરા .... 45
6. આચાર્ય સજ્જતા....- મહેશભાઈ શર્મા .... 47
7. पढ़ाई का विज्ञान-१३ ....- પ્રાંજલભાઈ જોષી .... 49
8. વેકેશનોત્સવ ....- દિનેશ માંકડ ....51
9. "શિસ્ત એ સંસ્કાર છે... સંસ્કાર વગર શિક્ષણ નકામું છે !"
   - જી. એસ. દેધરોટીયા ....53
10. શિક્ષણ : રૂપાંતરણ પ્રક્રિયા (દલિત શ્રમિક બાળા - શિક્ષિકા - સંત)
   - પ્રિ. નર્મદભાઈ ત્રિવેદી ....55


**નોંધ :** શ્રી સારસ્વતમાં પ્રસિદ્ધ થતા જે-તે લેખ / માહિતીમાં લેખકોના પોતાના મંતવ્યો છે. તેની સાથે મહામંડળ તથા સંપાદક કે સહસંપાદક સંમત છે, તેમ માનવું નહિ.



શ્રી જયપ્રકાશ પી. પટેલ
અધ્યક્ષ

# અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર



શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ
પ્રમુખ

સારસ્વત મિત્રો,

આપ સૌ કુશળ હશો.

**"વસંતના આખરી ઓરે, ખીલે છે જ્ઞાનના ફૂલ,**
**એપ્રિલની ઉષ્મામાં, વિદ્યાનું સદૈવ અમૂલ્ય મૂલ."**

શૈક્ષણિક વર્ષના અંતિમ ચરણમાં આપણે જ્યારે પ્રવેશ્યા છીએ, ત્યારે ગત બે મહિનાની સિદ્ધિઓ અને આગામી પડકારોને વાગોળવાનો આ સમય છે. સૌ પ્રથમ, એ જણાવતા અત્યંત આનંદ થાય છે કે માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાઓ આપણા કેન્દ્ર પર અત્યંત શાંતિપૂર્ણ, શિસ્તબદ્ધ અને સુચારુ રીતે પૂર્ણ થઈ છે. આ સફળતા પાછળ આપણા તમામ સારસ્વતો અને વાલીઓના સહયોગી અભિગમનો મોટો ફાળો છે. તે બદલ સૌને અભિનંદન.

એપ્રિલ મહિનામાં આપણી શાળાઓમાં વાર્ષિક પરીક્ષાઓનો માહોલ હતો, જ્યાં વિદ્યાર્થીઓની જિજ્ઞાસા અને ઉત્સાહ પ્રશંસનીય રહ્યા. પરીક્ષા એ માત્ર મૂલ્યાંકન નથી, પરંતુ વ્યક્તિગત વિકાસનું એક પગથિયું છે. યાદ રાખજો, પરિણામની ચિંતા કરવા કરતા પ્રક્રિયાનો આનંદ લેવો વધુ મહત્ત્વનો છે. જે વિદ્યાર્થી પોતાની મહેનતમાં પ્રામાણિક છે, તેને સફળતા મળવી નિશ્ચિત છે.

હાલમાં જ મે મહિનામાં HSC અને SSC બોર્ડના પરિણામો જાહેર થયા છે. જણાવતાં ગૌરવ થાય છે કે આ વર્ષે ગુજરાત રાજ્યનું HSC સામાન્ય પ્રવાહનું બોર્ડનું પરિણામ 92.71% આવ્યું છે જ્યારે વિજ્ઞાન પ્રવાહનું રાજ્યનું પરિણામ પણ 84.33 % આવેલું છે અને SSC બોર્ડનું પરિણામ પણ 83.86% જેટલું આવ્યું છે. આપણા વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવી છે અને તેઓ ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધી રહ્યા છે.

એક વિશેષ વાત - હંસો જ્યારે પણ ઉડે છે, ત્યારે તેઓ 'V' આકારમાં ઉડવાનું પસંદ કરે છે. જ્યારે આગળનું પક્ષી પાંખો ફફડાવે છે, ત્યારે પાછળના પક્ષીઓને હવામાં ઓછી મહેનત પડે છે. જો કોઈ હંસ થાકી જાય, તો બીજા તેને ટેકો આપે છે. આપણું શિક્ષણ કાર્ય પણ આ હંસોના સમૂહ જેવું જ છે. જ્યારે શિક્ષકો, વાલીઓ અને વહીવટી તંત્ર એકબીજાના પૂરક બનીને કાર્ય કરે છે, ત્યારે વિદ્યાર્થીઓનું ભવિષ્ય વધુ સુરક્ષિત બને છે. સહકાર અને એકતા જ આપણી સફળતાનો સાચો માર્ગ છે.

સારસ્વત મિત્રો, આપણા તમામ પ્રશ્નો માટે સંઘ સતત પ્રયત્નશીલ છે અને યોગ્ય રજૂઆતો કરી રહ્યો છે. હાલમાં સેવા જોડાણ બાબતે રાજ્ય કક્ષાએ જિલ્લાવાર કેમ્પ ચાલી રહ્યા છે. કેટલીક ફાઈલોમાં ક્ષતિઓને કારણે રિજેક્શન ન આવે અને એકસૂત્રતા જળવાય તે માટે અમે ભારપૂર્વક રજૂઆત કરી છે. આપણી આ એકતાને સમર્પિત, કવિ બશીર બદ્ર સાહેબની આ પંક્તિઓ અહીં સુસંગત લાગે છે :

"फूलों की तरह बिखरना नहीं है हमें,
काँटों की तरह चुभना नहीं है हमें,
एकता की डोर में बँधे रहेंगे अगर,
तो किसी के आगे झुकना नहीं है हमें।"

આપણે સૌ સાથે મળીને જ્ઞાન અને એકતાના દીવા પ્રગટાવતા રહીએ એ જ કામના.

''સંઘે શક્તિ કલૌ યુગ''

ભારત માતા કી જય... જય જય ગરવી ગુજરાત...

આપના,

**જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

## મહામંત્રીશ્રીનો પત્ર



**ભરત ચૌધરી**
મહામંત્રીશ્રી

આત્મીય સારસ્વત મિત્રો,

કુશળ હશો કુશળતા ચાહતા કુશળ છીએ.

મિત્રો, આપણા સૌના ટીમવર્ક અને સંનિષ્ઠ પ્રયાસોના કારણે શૈક્ષણિક વર્ષ 2025/26 ઘણા બધા પડકારોના સામના સાથે હેમખેમ પૂર્ણ થયું. આપને સૌને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે. મિત્રો, ગત ફેબ્રુઆરી/માર્ચ-2026માં યોજાયેલ એસ.એસ.સી અને એચ.એસ.સી બોર્ડની પરીક્ષાના ખૂબ સુંદર પરિણામો બદલ સૌને હૃદય પૂર્વકના અભિનંદન.

મિત્રો, એન.પી.એસ.માંથી ઓ.પી.એસ.માં જવા માટેની સૌથી મોટી પડોજણ એટલે સેવા જોડાણ. એમાંથી પણ આપણા સૌના સહિયારા પ્રયત્નોને કારણે ત્રણ-ચાર જિલ્લામાં સો ટકા કામગીરી પૂર્ણ થઈ છે, જ્યારે બાકીના મોટાભાગના જિલ્લાઓમાં પણ લગભગ 70% મિત્રોનું સેવા જોડાણ સફળતાપૂર્વક પૂર્ણ થયું છે. મિત્રો, આ તમામ કામગીરી દરમિયાન દરેકે દરેક ઈસ્યુ માટે સતત સી.ઓ.એસ.ના જવાબદાર અધિકારીઓના પ્રત્યક્ષ સંપર્કમાં રહી વહેલામાં વહેલી તકે તમામ મિત્રોનું સેવા જોડાણનું કામ પૂર્ણ થાય તે માટે સતત પ્રયત્નશીલ રહ્યા છીએ. કેટલીક ટેકનિકલ બાબતોમાં અધિકારીઓની સમિતિ બનાવી તમામ કેસોના નિર્ણય પણ કરવામાં આવનાર છે, જેથી કોઈએ ચિંતા કરવાની જરૂર નથી. પાત્રતા ધરાવતા તમામ મિત્રોને આ લાભ મળશે મળશે અને મળશે જ. આ ઉપરાંત ક્લાર્ક/પટાવાળાની ભરતી, શિક્ષકો/જ્ઞાન સહાયકની ભરતી, નિભાવ ગ્રાન્ટમાં વધારો, બે વર્ગની શાળાને સ્માર્ટ ક્લાસ તથા કોમ્પ્યુટર લેબ વગેરે બાબતો માટે પણ સતત જાગૃત રહી સરકારમાં રજૂઆત કરી રહ્યા છીએ. આશા રાખીએ કે સરકારશ્રી દ્વારા સાચા અર્થમાં ગુજરાતના ઉજ્જવલ ભવિષ્યની જો ચિંતા હોય તો ઉપરોક્ત તમામ બાબતે શાળાઓમાં 8મી જૂન-2026થી શરૂ થતા નવા શૈક્ષણિક સત્ર પહેલા આપણને NEP-2020ના અસરકારક અમલીકરણ માટે તમામ બાબતોનું નિરાકરણ લાવવામાં આવે.

આ ઉપરાંત તા. 01/04/2005 પહેલા જાહેરાત આવેલી હોય અને નિમણૂક ત્યારબાદ થઈ હોય તેવા મિત્રો તથા પ્રોફાઈલવાળા મિત્રો અને 2005 પછી નિમાયેલા તમામ મિત્રો માટે જૂની પેન્શન યોજનાનો લાભ માટે પણ આપણી સતત માગણી ચાલુ છે અને આવનાર દિવસોમાં જરૂર જણાય સંગઠન દ્વારા જે જે કાર્યક્રમમાં આપવામાં આવે તેમાં આપણે સૌ ખભે ખભો મિલાવી જોડાઈ અને આપણા સંગઠનની શક્તિનો પરિચય કરાવીએ એવી સૌને આગ્રહપૂર્વક વિનંતી સાથે સૌનો આભાર ધન્યવાદ.

આપનો,

**શ્રી ભરત ચૌધરી**

મહામંત્રી, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ



**શ્રી અમિત પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી

## સંપાદકીય લેખ

### શિક્ષણના મથાળે ઉભેલો આચાર્ય : પડકારો વચ્ચે સંકલન અને સંગઠનની શક્તિ



**શ્રી દીપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહસંપાદકશ્રી

જૂન માસ એટલે નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ. શાળાના આંગણે ફરી એક વાર બાળહાસ્ય ગુંજવાનું શરૂ થાય છે, નવા સપનાઓને આકાર આપવાનો સમય આવે છે અને સાથે જ આચાર્ય માટે જવાબદારીઓનું વિશાળ આકાશ ખુલ્લું પડે છે. આજના સમયમાં શાળાના આચાર્ય માત્ર શૈક્ષણિક નેતા નથી રહ્યા; તેઓ વહીવટકાર, માર્ગદર્શક, સંકલનકર્તા, ટેક્નોલોજી સંચાલક અને અનેક સરકારી કામગીરીઓના કેન્દ્રબિંદુ બની ગયા છે.

શાળાના ગુણવત્તાયુક્ત શિક્ષણનું સ્વપ્ન સાકાર કરવાનું મુખ્ય દાયિત્વ આચાર્યના ખભા પર છે, પરંતુ વર્તમાન સમયમાં તેઓ અનેક અપરંપાર વહીવટી મુશ્કેલીઓ વચ્ચે કાર્ય કરી રહ્યા છે. એક તરફ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શૈક્ષણિક આયોજન, પરિણામ સુધારણા, નવી શિક્ષણ નીતિનો અમલ અને શાળાની ગુણવત્તા જાળવવાની જવાબદારી છે, તો બીજી તરફ સતત વધતી ઓનલાઈન અને વહીવટી કામગીરીઓએ આચાર્યને કંટાળાજનક દબાણ હેઠળ મૂકી દીધા છે.

આજના સમયમાં APAR ID ની કામગીરી, UDISE ડેટા એન્ટ્રી, વિવિધ પોર્ટલ પરની માહિતી, વસ્તી ગણતરી જેવી સરકારી ફરજો, ચૂંટણી સંબંધિત કામગીરી, વિવિધ સર્વે અને અહેવાલો — આ બધું શાળાના નિયમિત કાર્ય સાથે સંભાળવું અત્યંત કઠિન બન્યું છે. ખાસ કરીને Gyan Sahayak અને શિક્ષકોની અછતના કારણે અનેક શાળાઓમાં આચાર્યને જાતે વર્ગખંડ અને વહીવટ બંને સંભાળવાની પરિસ્થિતિ ઊભી થઈ છે. પરિણામે શૈક્ષણિક નેતૃત્વ માટેનો કિંમતી સમય કાગળકામ અને ઓનલાઈન પ્રક્રિયાઓમાં વેડફાઈ જાય છે.

વર્તમાન પરિસ્થિતિમાં સૌથી મોટો પ્રશ્ન એ છે કે શાળાના આચાર્યને "શૈક્ષણિક નેતા" તરીકે કામ કરવાની તક કેટલી મળે છે? જો આચાર્યનો મોટાભાગનો સમય ડેટા અપલોડ, રિપોર્ટિંગ અને બિનશૈક્ષણિક કાર્યોમાં જ વીતે, તો શિક્ષણની ગુણવત્તા સુધારવાનો મુખ્ય હેતુ ક્યાંક પાછળ રહી જાય છે. આ પરિસ્થિતિ માત્ર વ્યક્તિગત પ્રશ્ન નથી, પરંતુ સમગ્ર શિક્ષણવ્યવસ્થાના ભવિષ્ય સાથે જોડાયેલો ગંભીર મુદ્દો છે.

અહીં સંગઠનની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ બની જાય છે. રાજ્યભરના આચાર્યોની સમસ્યાઓને યોગ્ય મંચ પર રજૂ કરવું, વહીવટી બોજ ઘટાડવા માટે સરકાર સમક્ષ સંવાદ સ્થાપિત કરવો, શિક્ષક અને Gyan Sahayak ની ખાલી જગ્યાઓ ઝડપથી ભરાય તે માટે માંગ ઉઠાવવી, તેમજ આચાર્યોને કાનૂની અને વહીવટી માર્ગદર્શન પૂરું પાડવું — આ બધું સંગઠનની સક્રિયતા દ્વારા શક્ય બને છે.

સંગઠન માત્ર માંગણીઓ માટેનું માધ્યમ નથી, પરંતુ તે આચાર્યો વચ્ચે એકતા, સહકાર અને મનોબળનું પ્રતિક છે. જ્યારે એક આચાર્ય મુશ્કેલી અનુભવે છે ત્યારે સમગ્ર સંગઠન તેની સાથે ઉભું રહે — એ જ સાચી સંગઠન શક્તિ છે. બદલાતા સમયમાં ટેક્નોલોજી અને નીતિઓ સાથે ચાલતાં આચાર્યોને તાલીમ, માર્ગદર્શન અને માનસિક સહયોગ પણ એટલો જ જરૂરી છે.

જૂન માસના આ નવા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં દરેક આચાર્ય માટે આ સંદેશ મહત્ત્વનો છે કે પડકારો ભલે અનેક હોય, પરંતુ શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સંગઠનની એકતા આપણને આગળ વધવાની શક્તિ આપે છે. શાળા માત્ર ઈમારત નથી; તે રાષ્ટ્રના ભવિષ્યનું ઘડતર કરતું પવિત્ર સ્થાન છે. અને આ પવિત્ર કાર્યના કેન્દ્રમાં ઉભેલા આચાર્યનો સન્માન, સહયોગ અને સંરક્ષણ કરવું સમાજ અને વ્યવસ્થાની સંયુક્ત જવાબદારી છે.

ચાલો, નવા શૈક્ષણિક વર્ષમાં આપણે સૌ મળીને એવી શિક્ષણવ્યવસ્થા માટે પ્રયત્ન કરીએ જ્યાં આચાર્યને વહીવટી ભારથી મુક્ત કરી સાચા અર્થમાં શૈક્ષણિક નેતૃત્વ માટે સશક્ત બનાવવામાં આવે. સંગઠનની એકતા, સહકાર અને સંવાદની શક્તિથી જ આ શક્ય બનશે.

**આપના,**

**દિપકકુમાર પી. પટેલ**
સારસ્વત સહ સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૪૨૭૩૧૧૯૩૯

**અમિત પંડ્યા**
સારસ્વત સંપાદકશ્રી
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
(મો.) ૯૯૭૪૫૨૫૩૩૨

# શ્રેષ્ઠતા સંસ્કૃતિ : શાળા ગુણવત્તા મૂલ્યાંકન (SQAA) : શૈક્ષણિક ઉત્કૃષ્ટતા તરફનો માર્ગ

- ડૉ. નીરવ એન. ઠક્કર
આચાર્ય, એઈએસ-એજી હાયર સેકન્ડરી સ્કૂલ
(મો.) ૯૮૯૮૬૭૯૪૯૪

**પ્રસ્તાવના :**

આજના યુગમાં શિક્ષણ માત્ર માહિતી પ્રદાન કરવાની મર્યાદિત વ્યવસ્થા નથી, પરંતુ બાળકને ભાવિ જીવન માટે સજ્જ બનાવતી, તેના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ કરતી અને તેને જવાબદાર, સંવેદનશીલ તથા વૈશ્વિક દૃષ્ટિકોણ ધરાવતા નાગરિક તરીકે ઘડતી એક સતત, જીવનમુખી અને રૂપાંતરકારી પ્રક્રિયા છે. ભારતીય શિક્ષણ પદ્ધતિમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા અને શાળાઓને સતત સુધારણાની દિશા તરફ દોરવા માટે કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (કેન્દ્રીય બોર્ડ) દ્વારા શાળા ગુણવત્તા મૂલ્યાંકન અને સુનિશ્ચિતતા (School Quality Assessment and Assurance - SQAA) માળખું વિકસાવવામાં આવ્યું છે. આ માળખું એ શૈક્ષણિક ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવા માટેના માનક અને શ્રેષ્ઠ વ્યવસ્થાઓનો એક વ્યાપક સંગ્રહ છે.

SQAA માળખું એ કેવળ એક મૂલ્યાંકન સાધન નથી, પરંતુ શાળાઓને સતત વિકાસ અને સુધારણાની દિશામાં આગળ વધવા માટેની એક સંપૂર્ણ પદ્ધતિ છે. આ માળખું શિક્ષણશાસ્ત્રીઓ, શાળા વ્યવસ્થાપન અને બાળકોના જીવનમાં સકારાત્મક ફેરફાર લાવવા માગતા તમામ લોકો માટે એક માર્ગદર્શિકા છે. તે શાળાઓને યોગ્ય નિર્ણયો લેવા, શાળાઓ માટે ઇચ્છનીય બાબતોને સ્પષ્ટ રીતે વ્યક્ત કરવા, વર્તમાન વાસ્તવિકતાનું સચોટ મૂલ્યાંકન કરવા, સામૂહિક લક્ષ્યો સિદ્ધ કરવા માટેનો પ્રયત્ન કરવા, ચિંતન-મનન કરવા, અને સંવાદની શરૂઆત કરવા તથા નિર્ધારિત પરિણામોને અસરકારક રીતે પ્રાપ્ત કરવા માટે સક્ષમ બનાવે છે.

આ લેખ મુખ્યત્વે કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ મંડળ (CBSE) દ્વારા પ્રકાશિત SQAA માર્ગદર્શિકા અને માળખા પર આધારિત છે. જો કે, નોંધનીય છે કે PARAKH (Performance Assessment, Review and Analysis of Knowledge for Holistic Development) NCERT દ્વારા પણ SQAAF (School Quality Assessment and Assurance Framework) માર્ગદર્શિકા પ્રકાશિત કરવામાં આવી છે. બંને માળખાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ની ભાવના અને દૃષ્ટિકોણને સાકાર કરવા માટે વિકસાવવામાં આવ્યાં છે. શૈક્ષણિક સંદર્ભ તથા તુલનાત્મક અભ્યાસ માટે, આ લેખમાં CBSE SQAA અને PARAKH SQAAF માળખાંનું વિગતવાર તુલનાત્મક કોષ્ટક રજૂ કરવામાં આવેલ છે.

## પૂર્વભૂમિકા :

ભારતમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે વિવિધ નીતિઓ અને કાર્યક્રમો લાગુ કરવામાં આવ્યા છે. રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) 2005, શિક્ષણનો અધિકાર અધિનિયમ (RTE) 2009 અને હાલમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 એ તમામ શિક્ષણક્ષેત્રે મહત્ત્વનાં પરિવર્તન લાવવાના પ્રયાસો છે. આ બધા પ્રયાસોનો મુખ્ય હેતુ બાળકો માટે ગુણવત્તાયુક્ત, સમાવેશી અને સર્વાંગી શિક્ષણ સુનિશ્ચિત કરવાનો છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ગુણવત્તાયુક્ત શિક્ષણ એ આપણા દેશના વિકાસ માટેની પાયાની જરૂરિયાત છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શાળાઓમાં માત્ર ભૌતિક માળખાં અને સુવિધાઓ જ નહીં, પરંતુ શૈક્ષણિક પ્રક્રિયાઓ, શિક્ષક ગુણવત્તા, સમાવેશી પ્રથાઓ, નેતૃત્વ અને વ્યવસ્થાપન પદ્ધતિઓમાં પણ ઉત્કૃષ્ટતા લાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ વ્યાપક દૃષ્ટિકોણને સાકાર કરવા માટે, કેન્દ્રીય બોર્ડ દ્વારા SQAA માળખું વિકસાવ્યું છે -- જેમાં વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓ સાથે સ્થાનિક જરૂરિયાતોને ધ્યાને રાખેલ છે.

## SQAA માળખું તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવામાં આવેલ મુખ્ય બાબતો :

- વૈશ્વિક ધોરણો સાથે સુસંગતતા જાળવવાની સાથે-સાથે સ્થાનિક જરૂરિયાતોને ધ્યાને લેવી.
- આ માળખું વ્યાપક તેમજ વાસ્તવિક રીતે અમલીકરણ કરવા માટે યોગ્ય અને ઉદ્દેશ્યલક્ષી સ્વ-મૂલ્યાંકન સાધન હોય
- SQAAF ને સતત સ્વ-મૂલ્યાંકનની પ્રક્રિયા તરીકે જોવું અને હિતધારકોને એ બાબતથી સુનિશ્ચિત કરવા કે શાળા સતત સુધારણા તરફ પ્રયત્નશીલ છે.

## SQAAનાં વિઝન, મિશન અને મૂલ્યો

**વિઝન (Vision)**

સ્વ-મૂલ્યાંકન અને બાહ્ય મૂલ્યાંકન દ્વારા એક ચોક્કસ માપદંડનાં પ્રમાણિત સાધનો અને પ્રક્રિયાઓ દ્વારા વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવું. આ વિઝન સામાજિક-આર્થિક અને સાંસ્કૃતિક સંદર્ભોમાં થતા ફેરફારોને ધ્યાનમાં રાખીને સંસ્થામાં અસરકારક પદ્ધતિઓના અમલીકરણ અને સંચાલનમાં સહાયક બને છે.

**મિશન (Mission) – ઉદ્દેશ્ય**

SQAAનું મિશન શાળાઓને સક્ષમ બનાવવાનું છે જેથી તેઓ :

- નિયમિત સમયગાળામાં (અંતરાલે) પોતાની પ્રક્રિયાઓની સમીક્ષા કરી શકે અને તેમાં સુધારા માટેનું ચિંતન-મનન કરી શકે.
- એકત્રિત કરેલ સમૃદ્ધ માહિતીનો ઉપયોગ કરીને શિક્ષણક્ષેત્રે સતત બદલાતા પરિપ્રેક્ષ્ય પ્રત્યે સક્રિય રીતે પ્રતિભાવ આપી શકે.
- વિદ્યાર્થીઓની અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરવા માટે શાળામાં સાનુકૂળ વાતાવરણ ઊભું કરી શકે.
- વિદ્યાર્થીઓને વધુને વધુ જટિલ બનતા જતાં વૈશ્વિક વ્યવહાર તથા પરસ્પર અવલંબિત વિશ્વ માટે તૈયાર કરી શકે.
- હેતુપૂર્ણ અધ્યયનની સંસ્કૃતિવાળી સમાવેશી શાળાઓ ઊભી થઇ શકે.
- વિદ્યાર્થીઓની અધ્યયન નિષ્પત્તિ પ્રાપ્ત કરવાની સુનિશ્ચિતતા માટે વ્યક્તિગત અને સામૂહિક જવાબદારી વિકસાવી શકે.

## મૂલ્ય માળખું (Value Framework)

**SQAA ના મૂલ્યોના માળખાંની મુખ્ય આધારશિલાઓ :** સ્વ-મૂલ્યાંકન એ પ્રોત્સાહન છે, જવાબદારી છે, પરસ્પર સહયોગ છે અને સતત નવીનતાને આવકારવાનું અને જરૂર લાગે ત્યાં અપનાવવાનું છે. આ ઉપરાંત, ટેકનોલોજીનો ઉપયોગ, પરસ્પર અવલંબન અને સહયોગ, સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન, વ્યાવસાયિક કૌશલ્યોમાં વધારો, રાષ્ટ્રીયતા અને વૈશ્વિક નાગરિકોનું સર્જન પણ આ માળખાનાં મૂળભૂત મૂલ્યો છે.

## શાળા શિક્ષણમાં ગુણવત્તા-માળખાનું મહત્ત્વ

ગુણવત્તા-માળખું શાળા શિક્ષણ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે અનેક અગત્યનાં હેતુઓ સિદ્ધ કરે છે.

**• શૈક્ષણિક ધોરણો અને શ્રેષ્ઠતા**

SQAA માળખું શાળાઓ માટે સ્પષ્ટ ધોરણો અને માનકો નક્કી કરે છે. આ ધોરણો વિદ્યાર્થીઓની અધ્યયન નિષ્પત્તિ પર કેન્દ્રિત છે, અને તેઓ શાળાની તમામ પ્રવૃત્તિઓ આ પરિણામો તરફ આગળ વધે તે સુનિશ્ચિત કરે છે. જ્યારે શાળાઓ પાસે સ્પષ્ટ માનકો હોય છે, ત્યારે તેઓ વધુ કેન્દ્રિત અને અસરકારક રીતે કાર્ય કરી શકે છે.

**• સ્વ-મૂલ્યાંકન અને સતત સુધારણા**

આ માળખું શાળાઓને નિયમિત સ્વ-મૂલ્યાંકન કરવા માટે એક વ્યવસ્થિત પદ્ધતિ પૂરી પાડે છે.

સ્વ-મૂલ્યાંકન દ્વારા શાળાઓ પોતાની સક્ષમતા જાણી શકે છે અને જ્યાં સુધારણાની જરૂરિયાતો લાગે ત્યાં તેને ઓળખી અને જરૂરી પગલાં લઇ શકે છે. આ પ્રક્રિયા બાહ્ય દબાણને બદલે આંતરિક પ્રેરણા પર આધારિત છે, જે લાંબા ગાળે વધુ ટકાઉ અને અસરકારક સાબિત થાય છે.

**• હિતધારકોમાં જવાબદારી અને પારદર્શિતા**

SQAA માળખું શાળાઓને તેમના તમામ હિતધારકો - વાલીઓ, વિદ્યાર્થીઓ, સમાજ અને નિયામક સંસ્થાઓ - પ્રત્યે જવાબદાર બનાવે છે. તે નિયમિત મૂલ્યાંકન અને અહેવાલ તૈયાર કરવા અંગેની પારદર્શિતા વધારે છે અને વિશ્વાસ ઊભો કરે છે. હિતધારકો શાળાના કાર્ય પ્રદર્શન વિશે માહિતગાર રહે છે અને શિક્ષણ પ્રક્રિયામાં વધુ સક્રિય ભૂમિકા ભજવી શકે છે.

**• સર્વાંગી વિકાસ પર ધ્યાન**

SQAA માળખું કેવળ શૈક્ષણિક પરિણામો પર જ ધ્યાન કેન્દ્રિત કરતું નથી, પરંતુ શાળાના તમામ પાસાઓને આવરી લે છે - માળખાકીય સુવિધાઓ, માનવ સંસાધન, સમાવેશી પ્રથાઓ, વ્યવસ્થાપન, નેતૃત્વ અને હિતધારકોનો સંતોષ. આ સર્વાંગી દૃષ્ટિકોણ સુનિશ્ચિત કરે છે કે જે તે શાળા તમામ વિભાગોમાં સમાન રીતે વિકાસ પામે છે.

**• શ્રેષ્ઠ પ્રથાઓનો પ્રસાર અને અધ્યયન**

જ્યારે શાળાઓ SQAA માળખાનો ઉપયોગ કરે છે, ત્યારે તેઓ શ્રેષ્ઠ પ્રથાઓને ઓળખી અને તેમને અપનાવી શકે છે. આ માળખામાં દરેક પ્રદર્શન સ્તરના સ્પષ્ટ સૂચકાંકો અને તે માટે કયા જરૂરી પુરાવાઓ જોઈએ તે સ્પષ્ટ રીતે આપેલ છે, જેથી શાળાઓ એકબીજા પાસેથી શીખી શકે છે અને નવીનતમ પ્રયોગોને અપનાવી શકે છે.

**• શૈક્ષણિક નવીનતા અને સંશોધનને પ્રોત્સાહન**

આ માળખું શાળાઓને નવીનતા અને સંશોધન માટે પ્રોત્સાહિત કરે છે. શિક્ષકો અને આચાર્યોને નવી શિક્ષણ પદ્ધતિઓ, ટેકનોલોજીના ઉપયોગ અને સર્જનાત્મક અભિગમોનો પ્રયોગ કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

## SQAA માળખું અને તેનાં વિભાગો :

SQAA માળખું મુખ્ય સાત વિભાગો (Domains) પર આધારિત છે. દરેક વિભાગ વિવિધ ઉપ-વિભાગોમાં વિભાજિત છે, અને દરેક ઉપ-વિભાગ હેઠળ ચોક્કસ ધોરણો અથવા બેંચમાર્કિંગ વિધાનો આપવામાં આવ્યા છે. દરેક ધોરણ સામે ચાર પ્રદર્શન સ્તરો (Performance Levels) અને પ્રદર્શન સૂચકાંકો (Performance Indicators) નિર્ધારિત કરવામાં આવ્યા છે.

## SQAAના વિભાગો અને વિવિધ વિભાગોના ભારાંક :

કેન્દ્રીય બોર્ડ દ્વારા સૂચવવામાં આવેલ SQAA માળખાનાં કુલ સાત વિભાગો છે :

| ક્રમ | મુખ્ય વિભાગ | ભારાંક |
|---|---|---|
| 1 | અભ્યાસક્રમ, શિક્ષણશાસ્ત્ર અને મૂલ્યાંકન (Curriculum, Pedagogy and Assessment) | 40% |
| 2 | માળખાકીય સુવિધાઓ: પર્યાપ્ત, કાર્યક્ષમ અને મોહક (Infrastructure) | 10% |
| 3 | માનવ સંસાધન (Human Resources) | 10% |
| 4 | સમાવેશી પ્રથાઓ (Inclusive Practices) | 10% |
| 5 | સંચાલન અને વ્યવસ્થાપન (Management and Governance) | 10% |
| 6 | નેતૃત્વ (Leadership) | 10% |
| 7 | લાભાર્થીઓનો સંતોષ (Beneficiary Satisfaction) | 10% |

આ માળખામાં અભ્યાસક્રમ, શિક્ષણશાસ્ત્ર અને મૂલ્યાંકન વિભાગને સૌથી વધુ ભારાંક (40%) આપવામાં આવેલ છે કારણ કે તે શાળાના મુખ્ય હેતુ - વિદ્યાર્થીઓના અધ્યયન - સાથે જોડાયેલ છે. બાકીના વિભાગો શૈક્ષણિક પરિણામો પ્રાપ્ત કરવા (માટે) સક્ષમ બનાવનારા અને સહાયક તરીકે કામ કરે છે.

જેની સામે PARAKH દ્વારા બહાર પાડવામાં આવેલ માળખું મુખ્ય પાંચ વિભાગો (Domains) પર આધારિત છે. દરેક વિભાગ વિવિધ ઉપ-વિભાગોમાં વિભાજિત છે અને દરેક ઉપ-વિભાગ હેઠળ ચોક્કસ ધોરણો અથવા બેંચમાર્કિંગ વિધાનો આપવામાં આવ્યા છે.

| ક્રમ | મુખ્ય વિભાગ | ભારાંક |
|---|---|---|
| 1 | વહીવટ (Administration) | 20% |
| 2 | અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્ર (Curriculum and Pedagogy) | 20% |
| 3 | મૂલ્યાંકન (Assessment) | 20% |
| 4 | માળખાગત સુવિધાઓ (Infrastructure) | 20% |
| 5 | સમાવેશિતા (Inclusiveness) | 20% |

## પ્રદર્શન સ્તરો અને પરિપક્વતાના સ્તરો

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ મંડળ (CBSE) દ્વારા પ્રકાશિત SQAA માર્ગદર્શિકા અને માળખામાં ચાર પ્રદર્શન સ્તરો નિર્દેશિત કરવામાં આવ્યા છે :

| SQAAનાં વિવિધ પરિપક્વતાના સ્તર | અર્થઘટન |
|---|---|
| સ્તર I (Inceptive પ્રારંભિક) | સંસ્થાની પદ્ધતિઓ પ્રારંભિક તબક્કે છે, પ્રથાઓ વ્યક્તિ આધારિત છે |
| સ્તર II (Transient સંક્રમણકાલીન) | સંસ્થાની પદ્ધતિઓ પ્રારંભિક તબક્કાથી આગળ સુધારા તરફના વર્ષોમાં છે, પ્રથાઓ સામાન્ય રીતે સુધારાત્મક પ્રકૃતિની છે |
| સ્તર III (Stable સ્થિર) | સંસ્થામાં એકત્ર થયેલ માહિતી સુધારણા પ્રક્રિયાના પુરાવા દર્શાવે છે, પદ્ધતિ સુવ્યાખ્યાયિત અને દસ્તાવેજીકૃત છે, લોકો સંસ્થામાં તેમની ભૂમિકાઓથી વાકેફ છે અને તેનું પાલન કરે છે |
| સ્તર IV (Dynamic Evolving) ગતિશીલ વિકસતું | સંસ્થાની પદ્ધતિઓ અસરકારક બેંચમાર્ક કરેલી, વ્યાખ્યાયિત અને દસ્તાવેજીકૃત પ્રક્રિયાઓ દર્શાવે છે, વ્યવસ્થાપન અને નેતૃત્વ જવાબદારી, જવાબદેહીતા, સ્વ-મૂલ્યાંકન અને સ્વ-સુધારણા દર્શાવે છે. |

PARAKH દ્વારા પ્રકાશિત SQAA માર્ગદર્શિકા અને માળખામાં ત્રણ પ્રદર્શન સ્તરો વ્યાખ્યાયિત કરવામાં આવ્યાં છે:

| SQAAનાં વિવિધ પરિપકવતાના સ્તર | અર્થઘટન |
|---|---|
| અભિલાષા (Aspiring) | શાળાઓ પોતાનું સ્વ-મૂલ્યાંકન (self-assessment) શરૂ કરે છે અને પોતાની ખામીઓનું વિશ્લેષણ (gap analysis) કરે છે. (૬૦ % થી ઓછું) |
| પ્રગતિ (Progressing) | શાળાઓ એક્શન પ્લાન (કાર્ય યોજના) લાગુ કરે છે, પ્રારંભિક સફળતાઓનું નિરીક્ષણ કરે છે અને પોતાની વ્યૂહરચનાઓમાં સુધારો કરે છે. ( ૬૦% થી ૭૫% ) |
| જાગૃતિ (Exemplary) | શાળાઓ શ્રેષ્ઠ પ્રથાઓ (best practices) અપનાવે છે, અન્ય શાળાઓને માર્ગદર્શન આપે છે અને વ્યાપક પરિવર્તન લાવવા માટે ઉદાહરણરૂપ બને છે. (૭૫% થી વધુ) |

## SQAA માળખાના તમામ વિભાગોની એક ઝલક :

### વિભાગ 1 : અભ્યાસક્રમ, શિક્ષણશાસ્ત્ર અને મૂલ્યાંકન

આ સૌથી મહત્ત્વપૂર્ણ વિભાગ છે જેને 40% ભારાંક આપવામાં આવેલ છે. આ વિભાગ અધ્યયન-અધ્યાપનની સંપૂર્ણ પ્રક્રિયાને આવરી લે છે.

### વિભાગનું મહત્ત્વ

વિદ્યાર્થીઓ સમાવેશી અને નવીન શિક્ષણ પદ્ધતિઓ, પ્રથાઓ અને સ્પષ્ટ રીતે પરિણામો દ્વારા શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે છે. શિક્ષકોમાં તેમના વિષયો અને વિદ્યાર્થીઓ કેવી રીતે શીખે છે તે વિશેનું જ્ઞાન, શીખવાનું વાતાવરણ તેમજ સકારાત્મક વર્ગખંડો બનાવવા, શિક્ષક-વિદ્યાર્થી આદાનપ્રદાન, અધ્યયન-અધ્યાપન પદ્ધતિઓ, કલા, મૂલ્યો, જીવન કૌશલ્ય, રમતગમત સંકલિત શિક્ષણ પદ્ધતિઓ, આંતરવિષયક દૃષ્ટિકોણનો ઉપયોગ, અનૌપચારિક મૂલ્યાંકન દ્વારા વિદ્યાર્થીઓને તેમના વિકાસના સાતત્યપૂર્ણ માર્ગ પર માપન - આ તમામ એક સશક્ત અભ્યાસક્રમ, શિક્ષણપદ્ધતિઓ અને મૂલ્યાંકન નીતિના સૂચક છે.

### અભ્યાસક્રમ, શિક્ષણશાસ્ત્ર અને મૂલ્યાંકન ઉપ-વિભાગો

### 1.1 અભ્યાસક્રમ આયોજન (Curriculum Planning)

આ ઉપ-વિભાગ હેઠળ ચાર મુખ્ય બાબતો :

- આચાર્ય અને શિક્ષકો NCF અને NEP ના સિદ્ધાંતો, તેના સંદર્ભ સાહિત્ય અને સામગ્રીથી પરિચિત છે.
- આચાર્ય અને શિક્ષકો કેન્દ્રીય બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલા અભ્યાસક્રમ દસ્તાવેજો અને સહાયક સામગ્રીથી પરિચિત છે.
- જે-તે બોર્ડ દ્વારા બહાર પ્રસિદ્ધ કરેલ સંકલિત વાર્ષિક અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્રીય યોજના શાળાએ તૈયાર કરેલ છે. તદનુસાર
- વિદ્યાર્થીઓને આજીવન શિક્ષણ માટે તૈયાર કરે અને દીર્ઘકાલીન (ટકાઉ) વિકાસ લક્ષ્ય (SDGs) ની પ્રાપ્તિ તરફ દોરી જાય તે મુજબના કૌશલ્યો અને ક્ષમતાઓ વિકસાવે તે મુજબનો અભ્યાસક્રમ છે કે કેમ ?

**પ્રાયોગિક સૂચકાંકો** :

- શાળામાં NCF અને NEP દસ્તાવેજો ઉપલબ્ધ છે.
- શિક્ષકો માટે નિયમિત અભિમુખ સંદર્ભના કાર્યક્રમો આયોજિત થાય છે.
- પાઠ આયોજનામાં NCF અને NEP ની ભલામણોનો સમાવેશ થાય છે.

- સંકલિત વાર્ષિક અભ્યાસક્રમ યોજના શાળાના વિઝન અને મિશનને પ્રતિબિંબિત કરે છે.
- અભ્યાસક્રમમાં આંતરવિષયક અધ્યયનને પ્રોત્સાહન આપવામાં આવે છે.

**1.2 અધ્યયન- અધ્યાપન પ્રક્રિયાઓ (Teaching-Learning Processes)**

આ ઉપ-વિભાગ હેઠળ :

- શાળા નિશ્ચિત કરેલ શિક્ષણ દિવસો અને શિક્ષણ કલાકોનું પાલન કરે છે.
- શિક્ષક-વિદ્યાર્થી ગુણોત્તર યોગ્ય છે. (પ્રાથમિક સ્તર માટે 1:30, ઉચ્ચ પ્રાથમિક સ્તર માટે 1:35)
- શિક્ષકો વિદ્યાર્થીઓની વિવિધ જરૂરિયાતોને પ્રતિબિંબિત કરતા વૈવિધ્યપૂર્ણ અધ્યયન-અધ્યાપનના દૃષ્ટિકોણ અપનાવે છે.

**પ્રાયોગિક સૂચકાંકો** :

- RTE અધિનિયમ અનુસાર શિક્ષણ કાર્ય-દિવસો મુજબ શિક્ષણ કાર્ય થાય છે.
- સમય-કોષ્ટક અભ્યાસક્રમ પૂર્ણ કરવા અને પુનરાવર્તન માટે પૂરતો સમય આપે છે.
- બાળ-કેન્દ્રિત શિક્ષણ પદ્ધતિઓ, સક્રિય શિક્ષણ, અનુભવજન્ય શિક્ષણ તથા કલા-સંકલિત શિક્ષણશાસ્ત્રનો ઉપયોગ થાય છે.
- અધ્યયન-અધ્યાપનની સામગ્રી (TLM) અને ડિજિટલ સંસાધનોનો ઉપયોગ થાય છે.

**1.3 વિદ્યાર્થી સંવર્ધન કાર્યક્રમો (Student Enrichment Programmes)**

આ ઉપ-વિભાગ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અભ્યાસક્રમની બહારની પ્રવૃત્તિઓ અને સંવર્ધન- કાર્યક્રમોનું મૂલ્યાંકન કરે છે, જેમાં કલા, વ્યાવસાયિક શિક્ષણ, સાહિત્યિક અને વૈજ્ઞાનિક કૌશલ્યો તથા જીવન કૌશલ્ય- વિકાસ સામેલ છે.

આ ઉપ-વિભાગ અંતર્ગત:

- શાળા કલા-શિક્ષણ માટે પર્યાપ્ત તકો પૂરી પાડે છે
- શાળા વ્યાવસાયિક શિક્ષણ કાર્યક્રમ વિદ્યાર્થીઓમાં રોજગાર અને ઉદ્યમશીલ કૌશલ્ય વિકસાવે છે
- સાહિત્યિક, સર્જનાત્મક, વૈજ્ઞાનિક, ICT, સંચાર, નેતૃત્વ અને સૌંદર્યલક્ષી કૌશલ્યો માટે તકો છે
- જીવન કૌશલ્ય વિકાસ માટેના કાર્યક્રમનું આયોજન છે, અને તેનું અમલીકરણ થાય છે.

**1.4 શારીરિક શિક્ષણ અને રમતગમત (Physical Education and Sports)**

શારીરિક શિક્ષણ અને રમતગમત વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક અને સામાજિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ઉપ-વિભાગ શાળામાં આરોગ્યપ્રદ જીવનશૈલી અને શારીરિક તંદુરસ્તી

પ્રત્યેના દૃષ્ટિકોણને માપે છે.

- શાળામાં સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે નીતિ અને સક્ષમ નેતૃત્વ છે.
- શારીરિક શિક્ષણનું અધ્યયન સમૃદ્ધ અને રસપ્રદ છે.
- શારીરિક શિક્ષણ, આરોગ્ય સંભાળ અને આરોગ્યપ્રદ જીવનશૈલી જેવાં વિષયોની પસંદગીઓને પ્રોત્સાહન આપે છે.
- સમાવેશી શારીરિક શિક્ષણ અને રમતગમત શાળાના ભાવાવરણનો મહત્ત્વપૂર્ણ ભાગ છે.

### 1.5 મૂલ્યો અને નૈતિકતા (Values and Ethos)

શાળાનું મૂલ્યલક્ષી વાતાવરણ અને નૈતિક આધાર વિદ્યાર્થીઓના ચારિત્ર્ય નિર્માણ અને સામાજિક જવાબદારી વિકસાવવામાં નિર્ણાયક છે. આ ઉપ-વિભાગ શાળાની સંસ્કૃતિ, વિવિધતા પ્રત્યેનો સ્વીકાર અને સહાનુભૂતિપૂર્ણ વાતાવરણનું મૂલ્યાંકન કરે છે.

- શાળા સંભાળ, કરુણા અને સન્માનનું વાતાવરણ ઊભું કરે છે.
- વિવિધતાનું સ્વાગત કરે છે અને હિતધારકોમાં શાળા પ્રત્યે ગૌરવ ભાવ પ્રગટાવે છે.

### 1.6 વિદ્યાર્થી શૈક્ષણિક-પ્રદર્શન, અધ્યયન નિષ્પત્તિનું મૂલ્યાંકન

વિદ્યાર્થી શૈક્ષણિક-પ્રદર્શનનું મૂલ્યાંકન એ શૈક્ષણિક પ્રક્રિયાનો અભિન્ન ભાગ છે. આ ઉપ-વિભાગ વિદ્યાર્થીની હાજરી, બહુવિધ મૂલ્યાંકન પદ્ધતિઓ, અધ્યયન નિષ્પત્તિ આધારિત ચકાસણી અને સર્વાંગી પ્રગતિ પત્રક દ્વારા નિયમિત અને સમગ્ર મૂલ્યાંકન પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

- શાળા તેના વિદ્યાર્થીઓની 75% અથવા 80 % હાજરી સુનિશ્ચિત કરે છે.
- શિક્ષકો વિદ્યાર્થીઓના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવા માટે બહુવિધ રીતોનો ઉપયોગ કરે છે.
- શાળામાં વિદ્યાર્થીઓના પ્રદર્શનનું નિયમિત મૂલ્યાંકન કરવા માટે વ્યાખ્યાયિત પ્રક્રિયાઓ અને માપદંડો છે.
- અધ્યયન નિષ્પત્તિનો ઉપયોગ વિદ્યાર્થીઓના અધ્યયનના મૂલ્યાંકન કરવા માટે તપાસના મુદ્દા - (સૂચક) તરીકે થાય છે.
- સર્વાંગી પ્રગતિ પત્રકમાં આપેલા માપદંડોના આધારે કુશળતાઓ અને ક્ષમતાઓનું મૂલ્યાંકન થાય છે.
- તમામ વિદ્યાર્થીઓ સાતત્યપૂર્ણ પ્રગતિ કરે છે કે કેમ તેમ શાળા સુનિશ્ચિત કરે.

## વિભાગ 2 : માળખાકીય સુવિધાઓ - પર્યાપ્તતા, કાર્યક્ષમતા અને આકર્ષક શાળા પર્યાવરણ

શાળા તમામ વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત, હવા-ઉજાસવાળું, સ્વચ્છ અને હરિયાળું વાતાવરણ પૂરું પાડે. જે તે રમત-ગમત તેમજ વિવિધ સુવિધાઓ માટે પૂરતી જગ્યા ઉપલબ્ધ હોય, તમામ સલામતીની જરૂરિયાતો, આરોગ્ય વ્યવસ્થાપન અને આકર્ષક શાળાનું પરિસર હોવું આવકારદાયક છે. શાળા પરિસરનું આ મુજબનું સુવિધાજનક વાતાવરણ વિદ્યાર્થીને શાળામાં આવવા તેમજ અભ્યાસ કરવા પ્રેરિત કરે છે. વિદ્યાર્થીના અધ્યયનને સક્ષમ બનાવવા સંસાધનોની પર્યાપ્તતા, કાર્યક્ષમતા અને મોહક પરિસર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

**મુખ્ય ઉપ-વિભાગો**

**2.1 વર્ગખંડો, પુસ્તકાલય અને પ્રયોગશાળાઓ**

**પ્રાયોગિક સૂચકાંકો** :

- પર્યાપ્ત સંખ્યામાં સુસજ્જ વર્ગખંડો
- હવા-ઉજાસવાળું, હરિયાળું વાતાવરણ અને બેસવાની વ્યવસ્થા
- સમૃદ્ધ પુસ્તકાલય વિવિધ પુસ્તકો અને સામયિકો
- વિજ્ઞાન પ્રયોગશાળાઓ અને કમ્પ્યુટર લેબ

**2.2 પીવાનું પાણી અને સ્વચ્છતા સુવિધાઓ**

- તમામ માટે સુલભ, સ્વચ્છ, પીવાનું પાણીની સુવિધા
- છોકરાઓ અને છોકરીઓ માટે અલગ પર્યાપ્ત સ્વચ્છ શૌચાલયો
- દિવ્યાંગ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ માટે તેમની જરૂરીયાતને અનુરૂપ વિશેષ સુવિધાઓ

**2.3 રમતગમત અને ખુલ્લી જગ્યાઓ**

રમતગમત અને ખુલ્લી જગ્યાઓ વિદ્યાર્થીઓની શારીરિક પ્રવૃત્તિઓ અને સર્જનાત્મક વિકાસ માટે જરૂરી છે. આ ઉપ-વિભાગ રમતગમતના મેદાન, ઇન્ડોર/આઉટડોર રમત-ગમતની સુવિધાઓ અને રમતગમત સાધનોની પર્યાપ્તતાનું મૂલ્યાંકન કરે છે.

- રમતગમતનું પર્યાપ્ત મેદાન
- ઇન્ડોર અને આઉટડોર રમતગમતની સુવિધાઓ
- ખેલ સાધનોની ઉપલબ્ધતા

**2.4 સલામતી અને સુરક્ષા**

વિદ્યાર્થીઓની સલામતી અને સુરક્ષા શાળાની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આ ઉપ-વિભાગ અગ્નિશામક સાધનો, પ્રાથમિક સારવાર, સુરક્ષા પ્રોટોકોલ્સ અને CCTV જેવા સલામતી પગલાંઓનું મૂલ્યાંકન કરે છે.

- અગ્નિ-શામક અને સલામતી ઉપકરણો
- પ્રાથમિક આરોગ્ય સંભાળની સહાય અને સુવિધાઓ
- સુરક્ષા ગાર્ડ અને સલામતી પ્રોટોકોલ્સ
- CCTV અને અન્ય સુરક્ષા પગલાં

**2.5 પ્રાથમિક સારવાર અને આરોગ્ય સુવિધાઓ**

**2.6 સંચાર અને સૂચના પદ્ધતિ**

**2.7 ભૌતિક માળખાની જાળવણી**

**2.8 હરિયાળી અને પર્યાવરણ-મિત્ર શાળા**

પર્યાવરણ મિત્ર શાળા વિદ્યાર્થીઓમાં પર્યાવરણીય જવાબદારીની ભાવના વિકસાવે છે. આ ઉપ-વિભાગ વૃક્ષારોપણ, બાગકામ, કચરા વ્યવસ્થાપન અને પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમોનું મૂલ્યાંકન કરે છે.

- વૃક્ષારોપણ અને બાગકામ
- કચરાનું વ્યવસ્થાપન અને રિસાયક્લિંગ
- પર્યાવરણ જાગૃતિ

**2.9 હોસ્ટેલ સુવિધાઓ –નિવાસી શાળાઓ સંદર્ભે**

**2.10 વિશિષ્ટ વિભાગો માટે જગ્યા (કલા, સંગીત, ડાન્સ વગેરે)**

**2.11 ટેકનોલોજી સંકલન**

- સ્માર્ટ ક્લાસરૂમ્સ
- ડિજિટલ સાધનો અને સંસાધનો
- ઇન્ટરનેટ કનેક્ટિવિટી

## વિભાગ 3 : માનવ સંસાધન

**વિભાગનું મહત્ત્વ**

શાળાના આચાર્ય, શિક્ષકો અને અન્ય તમામ બિન શૈક્ષણિક કર્મચારીઓ શાળાનો અભિન્ન ભાગ છે અને તમામ અભ્યાસક્રમના વિષયોનું શિક્ષણ, સહ-અભ્યાસ પ્રવૃત્તિઓ, મૂલ્યાંકન, વિગેરે

અને વિદ્યાર્થીઓના અધ્યયન નિષ્પત્તિ પ્રાપ્ત થાય તે નિશ્ચિત કરવા માટે જવાબદાર છે. આ વિભાગ પ્રથમ પર્યાપ્ત સંખ્યામાં સરકારી નિયમો અને માર્ગદર્શિકા મુજબ કર્મચારીઓની ભરતી કરે છે. જે તે બોર્ડની માર્ગદર્શિકા મુજબ કર્મચારીઓ માટે તૈયાર કરવામાં આવેલ સેવા નિયમો અને રેકર્ડ્સ, બઢતી, શૈક્ષણિક દેખરેખ અને કર્મચારીઓના સતત વ્યાવસાયિક વિકાસ થાય તે અંગેનાં આયોજન અને અમલીકરણ કરે છે.

**મુખ્ય ઉપ-વિભાગો**

**3.1 શાળા કર્મચારીઓ**

શાળાના મિશન અને ઉદ્દેશ્યોની પૂર્તિને સમર્થન આપવા માટે શાળા જરૂરી લાયકાત ધરાવતા અને સક્ષમ કર્મચારીઓ (શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક) ની પર્યાપ્ત સંખ્યામાં ભરતી કરે છે.

**પ્રાયોગિક સૂચકાંકો** :

- માપદંડો અનુસાર કર્મચારીઓની ભરતી
- લાયકાત અને યોગ્યતા ધરાવતા શિક્ષકો
- નિયમિત કર્મચારીઓની જરૂરિયાતોની સમીક્ષા
- કર્મચારી-વિદ્યાર્થી અને શિક્ષક- વિદ્યાર્થીઓ વચ્ચે યોગ્ય પ્રમાણ

**3.2 સેવા નિયમો અને રેકર્ડ**

- સ્પષ્ટ સેવા શરતો અને નિયમો
- પારદર્શક કર્મચારી નીતિઓ
- સંપૂર્ણ કર્મચારી રેકર્ડની જાળવણી

**3.3 ભરતી અને પસંદગી**

પારદર્શક અને ન્યાયપૂર્ણ ભરતી પ્રક્રિયા ગુણવત્તાયુક્ત શિક્ષણનો આધાર છે. આ ઉપ-વિભાગ યોગ્યતા આધારિત પસંદગી, સમાન તક નીતિઓ અને વ્યવસ્થિત ભરતી પદ્ધતિઓનું મૂલ્યાંકન કરે છે.

- પારદર્શક અને ન્યાયી ભરતી પ્રક્રિયા
- યોગ્યતા-આધારિત પસંદગી
- સમાન તક નીતિઓ

**3.4 શૈક્ષણિક નિરીક્ષણ**

શૈક્ષણિક નિરીક્ષણ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે અતિ આવશ્યક છે. આ ઉપ-વિભાગ નિયમિત વર્ગખંડ અવલોકન, રચનાત્મક પ્રતિભાવ અને શિક્ષણ પદ્ધતિઓમાં સુધારણા માટેની સહાયનું

મૂલ્યાંકન કરે છે.

શાળા નેતૃત્વ વર્ગખંડ પ્રથાઓનું નિયમિત નિરીક્ષણ કરે છે અને ચિંતનશીલ પ્રક્રિયા દ્વારા અધ્યયન-અધ્યાપનની ગુણવત્તામાં સુધારો કરવા માટે માર્ગદર્શન પૂરું પાડે છે.

**પ્રાયોગિક સૂચકાંકો** :

- નિયમિત વર્ગખંડ અવલોકન
- રચનાત્મક પ્રતિભાવ અને માર્ગદર્શન
- શિક્ષણ પદ્ધતિઓમાં સુધારણા માટે સહાય
- સાથી નિરીક્ષણ અને સહયોગ

### 3.5 સતત વ્યાવસાયિક વિકાસ (CPD)

શાળા શિક્ષકો અને કર્મચારીઓના સતત વ્યાવસાયિક વિકાસ માટે સુવિધાઓ પૂરી પાડે છે.

**પ્રાયોગિક સૂચકાંકો** :

- વાર્ષિક વ્યાવસાયિક વિકાસ યોજના
- નિયમિત તાલીમ અને વર્કશોપ્સ
- નવીન શિક્ષણશાસ્ત્ર તરફ અભિમુખ કરવાની યોજના
- શિક્ષકો માટે શિક્ષણ સમુદાય અને તેમાં જોડાવા માટેનું પ્રોત્સાહન
- બાહ્ય નિષ્ણાતો અને સંસાધન વ્યક્તિઓ તાલીમી સંસ્થાઓ સાથે સંપર્ક

## વિભાગ 4 : સમાવેશી પ્રથાઓ

### વિભાગનું મહત્ત્વ

શાળાએ દરેક બાળકની વ્યક્તિગત અધ્યયન માટેની જરૂરિયાતોને સમજી તે મુજબની શિક્ષણ પદ્ધતિઓ અને પ્રક્રિયાઓમાં મૂળભૂત ફેરફાર લાવવો જોઈએ. સમાવેશી શાળાઓ તમામ વિદ્યાર્થીઓને શાળા સમુદાયના સમાન સભ્યો તરીકે માન્યતા આપે છે, તેમની ઓછી – કે વધારે ક્ષમતાઓને ધ્યાનમાં લીધા વિના તમામ વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓમાં - શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક -- બંનેમાં સામેલ કરે છે.

### મુખ્ય ઉપ-વિભાગો (કુલ 5)

### 4.1 સમાવેશી વાતાવરણ

શાળા દિવ્યાંગ અને તમામ સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિના વિદ્યાર્થીઓ માટે ભૌતિક વાતાવરણના સંદર્ભમાં ભેદભાવ વગર પ્રવેશ પૂરો પાડે છે.

**પ્રાયોગિક સૂચકાંકો :**

- રેમ્પ અને લિફ્ટની સુવિધા
- દિવ્યાંગ અનુકૂલિત શૌચાલયો અને પીવાના પાણીના આઉટલેટ્સ
- બ્રેઈલ સાહિત્ય અને સહાયક તકનીકી
- વ્હીલચેર-સુલભ માર્ગો અને વર્ગખંડો

**4.2 સમાન તક અને ભેદભાવ વિરોધી નીતિઓ**

- જાતિ, જાતિ, ધર્મ, સામાજિક-આર્થિક સ્થિતિના આધારે કોઈ ભેદભાવ નહીં
- તમામ બાળકો માટે સમાન શૈક્ષણિક અને સહ-અભ્યાસક્રમીય તકો
- સમાજના ઉપેક્ષિત જૂથોના બાળકો માટે વિશેષ સહાય

**4.3 વિશેષ શૈક્ષણિક જરૂરિયાતો(CWSN) વિદ્યાર્થીઓ માટે વિશેષ સુવિધા**

વિશેષ શૈક્ષણિક જરૂરિયાતોવાળા બાળકો (CWSN) માટે વિશિષ્ટ સહાય અને સમાવેશી શિક્ષણ જરૂરી છે. આ ઉપ-વિભાગ વ્યક્તિગત શૈક્ષણિક યોજના (IEP), તાલીમ પામેલા શિક્ષકો અને સહાયક ઉપકરણોની ઉપલબ્ધતાનું મૂલ્યાંકન કરે છે.

**પ્રાયોગિક સૂચકાંકો :**

- CWSN ની વ્યાખ્યાયિત ઓળખ પ્રક્રિયા
- દરેક CWSN માટે વ્યક્તિગત શૈક્ષણિક યોજના (IEP)
- સમાવેશી શિક્ષણમાં તાલીમ પામેલા શિક્ષકો
- સહાયક ઉપકરણો અને સંસાધનો
- વિશેષ શિક્ષક ઉપલબ્ધતા

**4.4 જાતિ સંવેદનશીલતા અને સમાનતા**

જાતિ સંવેદનશીલતા અને સમાનતા સમાવેશી શાળા વાતાવરણની પાયાની આવશ્યકતા છે. આ ઉપ-વિભાગ જાતિ સંવેદનશીલ અભ્યાસક્રમ, સમાન તકો અને જાતિ આધારિત હિંસા સામેની શૂન્ય સહનશીલતા નીતિનું મૂલ્યાંકન કરે છે.

- જાતિ સંવેદનશીલ અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્ર

- છોકરાઓ અને છોકરીઓ માટે સમાન તકો
- જાતિ-આધારિત હિંસા અને ભેદભાવ સામે શૂન્ય સહનશીલતા
- જાતિ સંવેદનશીલતા માટેના જાગૃતિ કાર્યક્રમો

### 4.5 સાંસ્કૃતિક અને ભાષાકીય વિવિધતા

- બહુભાષીય અભિગમ
- સ્થાનિક સંસ્કૃતિ અને પરંપરાઓનું સન્માન
- વિવિધ સાંસ્કૃતિક ઉત્સવોની ઉજવણી
- વિવિધતાને ઉજવવાનું વાતાવરણ

## વિભાગ 5: સંચાલન અને વ્યવસ્થાપન

### વિભાગનું મહત્ત્વ

નેતૃત્વની શરૂઆત દૂરદર્શિતા સાથે થાય છે, જે હિતધારકોનાં મંતવ્યો અને સહયોગથી સંસ્થાની આખરી રૂપરેખા તૈયાર કરવામાં આવે છે. અસરકારક સંચાલન અને વ્યવસ્થાપન સુનિશ્ચિત કરે છે કે -- પ્રક્રિયાઓ અને પ્રથાઓ આ રૂપરેખા મુજબ હોય અને તે શાળા કાર્યપદ્ધતિમાં સમાયેલ હોય. શાળાના મૂલ્યો અને પ્રથાઓ શાળાની સંસ્કૃતિ બનાવે છે શાળાનો દરેક કર્મચારી આ મૂલ્યો અને અને સંસ્કૃતિને જીવે છે.

### મુખ્ય ઉપ-વિભાગો (કુલ 10)

### 5.1 વિઝન અને મિશન સ્ટેટમેન્ટ

શાળા સ્પષ્ટ વિઝન અને મિશન સ્ટેટમેન્ટ્સ અને પ્રમાણભૂત નિશ્ચિત પ્રક્રિયાઓ દ્વારા માર્ગદર્શિત થાય છે.

**પ્રાયોગિક સૂચકાંકો :**

- લેખિત વિઝન અને મિશન
- વિઝન અને મિશન જે હિતધારકો સાથે સામૂહિક રીતે વિકસિત કરેલ
- શાળાની તમામ પ્રવૃત્તિઓને માર્ગદર્શન આપે છે.
- પ્રમાણભૂત પ્રક્રિયાઓ સુનિશ્ચિત કરવામાં આવે અને તે મુજબ રોજ-બરોજના વ્યવહાર ચલાવવામાં આવે.
- નિયમિત સમીક્ષા અને સંદર્ભના આધારે સતત સુધારો કરવો / અદ્યતન કરવું.

**5.2 સંસ્થાકીય આયોજન**

શાળા વિકાસ યોજના (SDP) તૈયાર કરેલ છે અને તેનું અસરકારક અમલીકરણ થાય છે.

**પ્રાયોગિક સૂચકાંકો :**

- વ્યાપક શાળા વિકાસ યોજના
- વાર્ષિક કાર્ય યોજના અને કેલેન્ડર
- સ્પષ્ટ લક્ષ્યો, વ્યૂહરચનાઓ અને સમયમર્યાદા સાથેનું આયોજન
- નિયમિત પ્રગતિ સમીક્ષા, સુધારણા અને નવીનીકરણ

**5.3 નાણાકીય વ્યવસ્થાપન અને પારદર્શિતા**

નાણાકીય પારદર્શિતા અને જવાબદાર વ્યવસ્થાપન હિતધારકોમાં વિશ્વાસ ઊભો કરે છે. આ ઉપ-વિભાગ પારદર્શક બજેટ પ્રક્રિયાઓ, નિયમિત ઓડિટ અને સંસાધનોના જવાબદાર ઉપયોગનું મૂલ્યાંકન કરે છે.

- પારદર્શક બજેટ અને નાણાકીય ખર્ચની પ્રક્રિયાઓ
- નિયમિત ઓડિટ અને નાણાકીય રિપોર્ટિંગ
- સંસાધનોનો જવાબદારીપૂર્વકનો ઉપયોગ
- શુલ્ક માળખું: સ્પષ્ટ અને ન્યાયી

**5.4 રેકર્ડ્સ જાળવણી**

- તમામ જરૂરી રેકર્ડ્સ સુવ્યવસ્થિત અને અદ્યતન
- ડિજિટલ રેકર્ડ વ્યવસ્થાપન
- માહિતીની સુરક્ષા અને ગોપનીયતા

**5.5 નીતિઓ અને પ્રક્રિયાઓ**

- તમામ મુખ્ય ક્ષેત્રો માટે દસ્તાવેજીકૃત નીતિઓ
- સ્પષ્ટ અને સુસંગત પ્રક્રિયાઓ
- નિયમિત નીતિ સમીક્ષા અને અપડેટ

**5.6 કાનૂની અનુપાલન**

કાનૂની અનુપાલન શાળાના સુચારૂ સંચાલન માટે અનિવાર્ય છે. આ ઉપ-વિભાગ RTE અધિનિયમ, CBSE સંલગ્નતા નિયમો અને સલામતી ધોરણોનું પાલન કરે છે કે તે તપાસે છે.

- RTE અધિનિયમ અને કેન્દ્રીય બોર્ડ સંલગ્નતા નિયમોનું પાલન
- સલામતી અને સુરક્ષા ધોરણોનું પાલન
- અન્ય લાગુ કાયદાઓ અને નિયમોનું અનુપાલન

**5.7 હિતધારક જોડાણ અને સંવાદ**

- વાલી-શિક્ષક સંઘ (PTA/SMC) સક્રિય
- નિયમિત હિતધારક બેઠકો
- અસરકારક સંવાદ ચેનલો

**5.8 ફરિયાદ નિવારણ પદ્ધતિ**

**5.9 જોખમ વ્યવસ્થાપન**

**5.10 ગુણવત્તા સુનિશ્ચિતતા પદ્ધતિ**

## વિભાગ 6 : નેતૃત્વ

**વિભાગનું મહત્ત્વ**

શાળા નેતૃત્વ શાળાના મિશનને પ્રાપ્ત કરવા અને સફળ બનાવવા વિદ્યાર્થીઓના અધ્યયનને પ્રોત્સાહન આપવામાં એક પ્રભાવશાળી પરિબળ છે. આચાર્યોની ભૂમિકા તેમની સંબંધિત શાળાઓને સૂચનાત્મક નેતૃત્વ પ્રદાન કરવાની છે. અસરકારક અધ્યયન કેવી રીતે થાય તે માટે, એક દૂરદર્શી નેતા અધ્યયન માટે અનુકૂળ સંભવિત પરિસ્થિતિઓ અને ભાવાવરણ ઊભું કરે છે.

**મુખ્ય ઉપ-વિભાગો (કુલ 3)**

**6.1 શિક્ષણશાસ્ત્રીય નેતૃત્વ**

શાળા નેતા પાસે શાળાને આગળ લઈ જવા માટે સ્પષ્ટ લક્ષ્ય અને તે પ્રાપ્ત કરવાનો નિશ્ચિત માર્ગ છે.

**સૂચકાંકો :**

- આચાર્ય શૈક્ષણિક નેતૃત્વ પ્રદાન કરે છે
- નિર્ણયોમાં કર્મચારીઓની સહભાગિતા
- શિક્ષકોને સશક્ત બનાવે છે અને સહાય પૂરી પાડે છે

- શૈક્ષણિક પ્રથાઓમાં સુધારણા માટે પ્રતિબદ્ધ છે
- નિયમિત વર્ગખંડ મુલાકાતો અને અવલોકન કરે છે

**6.2 રૂપાંતરક્ષમ નેતૃત્વ**

શાળાના નેતા નવાચાર, પરિવર્તન અને સતત સુધારણાને પ્રોત્સાહન આપે છે.

**પ્રાયોગિક સૂચકાંકો** :

- નવાચાર અને પ્રયોગને પ્રોત્સાહન
- વ્યાવસાયિક વિકાસ માટે શિક્ષકોના જૂથ બનાવવા
- શિક્ષકો અને કર્મચારીઓની ક્ષમતા નિર્માણ
- સકારાત્મક શાળા સંસ્કૃતિ બનાવવી

**6.3 નેટવર્કિંગ અને સહયોગ**

નેટવર્કિંગ અને સહયોગ શ્રેષ્ઠ પ્રથાઓની વહેંચણી અને સતત શિક્ષણને પ્રોત્સાહન આપે છે. આ ઉપ-વિભાગ અન્ય શાળાઓ, શૈક્ષણિક નેટવર્ક અને સમુદાય સાથેના સહયોગનું મૂલ્યાંકન કરે છે.

ધોરણ : શાળા નેતા અન્ય શાળાઓ, સંસ્થાઓ અને સમુદાય સાથે નેટવર્કિંગ અને સહયોગને પ્રોત્સાહન આપે છે.

**પ્રાયોગિક સૂચકાંકો :**

- અન્ય શાળાઓ સાથે શ્રેષ્ઠ પ્રથાઓની વહેંચણી
- શૈક્ષણિક નેટવર્ક અને સંઘોમાં સહભાગિતા
- સમુદાય સંસાધનો અને ભાગીદારીઓનો ઉપયોગ
- વાલીઓ અને સમુદાય સાથે સક્રિય જોડાણ

## વિભાગ 7 : હિતધારક સંતોષ

**વિભાગનું મહત્ત્વ**

આ વિભાગ શાળાના મુખ્ય હિતધારકો - વિદ્યાર્થીઓ, વાલીઓ, કર્મચારીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સમુદાય આ તમામ હિતધારકોના સંતોષ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. હિતધારક સંતોષ એ શાળાની ગુણવત્તાનું એક મહત્ત્વપૂર્ણ સૂચક છે.

**મુખ્ય ઉપ-વિભાગો (કુલ 7)**

**7.1 વિદ્યાર્થી સંતોષ**

શાળા વિદ્યાર્થીઓને નીતિઓ વિષે તેમના મંતવ્યો, વિચારો અને સૂચનો વ્યક્ત કરવાની મંજૂરી આપે છે અને તેમને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સામેલ કરવા માટે એક પદ્ધતિ વિકસાવે છે.

**પ્રાયોગિક સૂચકાંકો :**

- સક્રિય વિદ્યાર્થી પરિષદ
- વિદ્યાર્થી સંતોષ સર્વેક્ષણો
- વિદ્યાર્થી પ્રતિભાવ માટે પદ્ધતિઓ
- વિદ્યાર્થી સૂચનો પર કાર્યવાહી

**7.2 વાલી સંતોષ**

શાળા વાલી સંતોષ માપવા અને સુધારવા માટે સક્રિય પગલાં લે છે.

**પ્રાયોગિક સૂચકાંકો :**

- નિયમિત વાલી-શિક્ષક બેઠકો
- વાલી સંતોષ સર્વેક્ષણો
- વાલી ફરિયાદ નિવારણ પદ્ધતિ
- વાલી પ્રતિભાવ પર આધારિત સુધારણા

**7.3 કર્મચારી સંતોષ**

કર્મચારી સંતોષ શાળાની ઉત્પાદકતા અને સકારાત્મક વાતાવરણ માટે મહત્ત્વપૂર્ણ છે. આ ઉપ-વિભાગ કર્મચારીઓની કાર્ય સ્થિતિઓ, વ્યાવસાયિક વિકાસ તકો અને સંતોષ સ્તરનું મૂલ્યાંકન કરે છે.

**7.4 ભૂતપૂર્વ વિદ્યાર્થી જોડાણ**

**7.5 સમુદાયની સંસ્થા વિષે છાપ**

**7.6 હિતધારક સાથેનો નિયમિત સંવાદ**

**7.7 પ્રતિભાવ-આધારિત સુધારણા**

## SQAAની ગુણવત્તા મૂલ્યાંકન પ્રક્રિયા

SQAA માળખાનું અસરકારક અમલીકરણ એક સુવ્યવસ્થિત પ્રક્રિયા દ્વારા થાય છે :

### 1. જાગૃતિ અને તૈયારી

શાળાના તમામ હિતધારકો - આચાર્ય, શિક્ષકો, કર્મચારીઓ, વાલીઓ અને SMC સભ્યો - ને SQAA વિશે જાગૃત કરવું. SQAA ટીમની રચના કરવી અને દરેકની ભૂમિકા અને જવાબદારી સ્પષ્ટ કરવી.

### 2. સ્વ-મૂલ્યાંકન

શાળા SQAA માળખાના તમામ વિભાગો, ઉપ-વિભાગો અને ધોરણો સામે પોતાનું પ્રામાણિક મૂલ્યાંકન કરે છે. દરેક ધોરણ માટે, શાળા નક્કી કરે છે કે તે કયા પ્રદર્શન સ્તર પર છે (સ્તર I, II, III અથવા IV).

**મુખ્ય પ્રવૃત્તિઓ** :

- પુરાવા એકત્રીકરણ - દસ્તાવેજો, અવલોકન, ઇન્ટરવ્યૂ
- દરેક સૂચકાંક સામે સ્વ-મૂલ્યાંકન
- ક્ષમતાઓ અને સુધારણાની જગ્યાઓ ઓળખવી
- માહિતીનું વિશ્લેષણ અને દસ્તાવેજીકરણ

### 3. સ્કોરિંગ અને પ્રોફાઇલ બનાવવી

શાળા દરેક ધોરણ માટે તેના સ્તર અનુસાર સ્કોર પ્રાપ્ત કરે છે (સ્તર I = 1, સ્તર II = 2, સ્તર III = 3, સ્તર IV = 4). દરેક વિભાગ માટે સ્કોર ગણવામાં આવે છે અને એકંદર SQAA સ્કોર મેળવવામાં આવે છે.

આ સ્કોરિંગ શાળાની SQAA પ્રોફાઇલ અને પરિપક્વતા સ્તર નક્કી કરે છે.

### 4. વિશ્લેષણ અને પ્રાથમિકતા નિર્ધારણ

સ્વ-મૂલ્યાંકનના પરિણામોનું વિશ્લેષણ કરી, સુધારણા માટે પ્રાથમિક બાબતો નક્કી કરવી. કયા ક્ષેત્રો તાત્કાલિક ધ્યાન માંગે છે અને કયા ક્ષેત્રોમાં ધીમે ધીમે સુધારણા કરી શકાય તે નક્કી કરવું.

### 5. સ્વ-સુધારણા યોજના વિકસાવવી

સ્વ-મૂલ્યાંકનના પરિણામો અને વિશ્લેષણના આધારે, શાળા એક વિગતવાર સ્વ-સુધારણા યોજના

(Self-Improvement Plan) વિકસાવે છે. આ યોજનામાં નીચે દર્શાવેલ બાબતોનો સમાવેશ કરવો

- સ્પષ્ટ ઉદ્દેશ્ય અને લક્ષ્ય
- કાર્યવાહી માટે વ્યૂહરચનાઓ
- જવાબદારીઓ અને સમયમર્યાદા
- જરૂરી સંસાધનો
- નિરીક્ષણ અને મૂલ્યાંકન પદ્ધતિઓ

**6. અમલીકરણ**

સુધારણા યોજનાઓનું અસરકારક અમલીકરણ કરવું. નિયમિત પ્રગતિ સમીક્ષા કરવી અને જરૂરિયાત મુજબ યોજનામાં ફેરફારો કરવા.

**7. સતત નિરીક્ષણ અને સમીક્ષા**

સુધારણા પ્રક્રિયાનું સતત નિરીક્ષણ અને સમીક્ષા કરવી. દર ત્રણ વર્ષે એકવાર સંપૂર્ણ SQAA સ્વ-મૂલ્યાંકન ફરીથી કરવું અને સતત સુધારણાનું ચક્ર જાળવવું.

## SQAA અમલીકરણમાં શ્રેષ્ઠ પ્રથાઓ

**1. સહભાગી દૃષ્ટિકોણ**

SQAA પ્રક્રિયામાં તમામ હિતધારકોની સક્રિય ભાગીદારીતા સુનિશ્ચિત કરવી. શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ અને SMC સભ્યોને સ્વ-મૂલ્યાંકન અને સુધારણા યોજના બનાવવામાં સામેલ કરવા.

**2. પ્રામાણિકતા અને ઉદ્દેશ્યલક્ષિતા**

સ્વ-મૂલ્યાંકન પ્રામાણિક અને ઉદ્દેશ્યલક્ષી હોવું જોઈએ. શાળાને સારી દેખાડવા માટે નહીં, પરંતુ વાસ્તવિક સુધારણા માટે કરવું.

**3. પુરાવા-આધારિત મૂલ્યાંકન**

દરેક રેટિંગ માટે યોગ્ય પુરાવા એકત્ર કરવા અને દસ્તાવેજીકરણ કરવું. અનુમાન અથવા અંદાજના આધારે મૂલ્યાંકન ન કરવું.

**4. સતત સુધારણાની માનસિકતા**

SQAA ને એકવારની ઘટના તરીકે નહીં, પરંતુ સતત સુધારણાની સંસ્કૃતિ તરીકે જોવું. દરેક મૂલ્યાંકન પછી વધુ સારા બનવા માટે પ્રતિબદ્ધ રહેવું.

**5. વ્યાવહારિક અને પ્રાપ્ય લક્ષ્યો**

સુધારણા યોજનામાં વ્યાવહારિક અને પ્રાપ્ય લક્ષ્ય નક્કી કરવાં. જે પ્રાપ્ત કરી શકાય તેમ ન હોય તેવાં અતિ મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય ન નક્કી કરવા .

**6. નિયમિત સંવાદ અને પ્રતિભાવ**

SQAA પ્રક્રિયા અને પ્રગતિ વિશે હિતધારકો સાથે નિયમિત સંવાદ જાળવવો. પ્રતિભાવ લેવો અને તેના આધારે યોજના અમલમાં મૂકવી.

**7. ક્ષમતા નિર્માણ**

શિક્ષકો અને આચાર્યોની SQAA પ્રક્રિયા, સ્વ-મૂલ્યાંકન તકનીકો અને ગુણવત્તા સુધારણામાં ક્ષમતા નિર્માણ કરવું. નિયમિત તાલીમ અને અભિમુખીકરણ પૂરાં પાડવાં.

## SQAAના ફાયદા અને અસર

SQAA માળખાના અસરકારક અમલીકરણથી અનેક મહત્ત્વપૂર્ણ ફાયદા થાય છે :

1. **શૈક્ષણિક પરિણામોમાં સુધારો :** સૌથી મહત્ત્વપૂર્ણ અસર એ વિદ્યાર્થીઓના અધ્યયન નિષ્પત્તિમાં સુધારો થાય છે. જ્યારે શાળા તમામ સાત વિભાગોમાં સુધરે છે, તો વિદ્યાર્થીઓ વધુ સારું શીખે છે અને સર્વાંગી વિકાસ પામે છે.
2. **સંસ્થાકીય સક્ષમતા વધારો :** SQAA શાળાને એક શીખતી સંસ્થા (Learning Organization) બનાવે છે. તેનાથી સતત સ્વ-મૂલ્યાંકન, ચિંતન-મનન અને સુધારણાની સંસ્કૃતિ વિકસે છે.
3. **વ્યાવસાયિક વિકાસ :** શિક્ષકો અને આચાર્યોનો વ્યાવસાયિક વિકાસ થાય છે. તેઓ નવી પદ્ધતિઓ શીખે છે, શ્રેષ્ઠ પ્રથાઓ અપનાવે છે અને સતત સુધરે છે.
4. **હિતધારક વિશ્વાસ અને જોડાણ :** પારદર્શક મૂલ્યાંકન અને રિપોર્ટિંગથી હિતધારકોમાં વિશ્વાસ વધે છે. વાલીઓ અને સમાજ શાળા સાથેનું જોડાણ ગાઢ બને છે.
5. **માન્યતા અને પ્રતિષ્ઠા :** SQAA માં ઉચ્ચ સ્કોર અને પરિપક્વતા સ્તર હાંસલ કરનારી શાળાઓને માન્યતા મળે છે અને તેમની પ્રતિષ્ઠા વધે છે.
6. **સંસાધનોનો અસરકારક ઉપયોગ :** SQAA શાળાઓને તેમના સંસાધનોનો વધુ અસરકારક અને જવાબદારીપૂર્વક ઉપયોગ કરવા માટે મદદ કરે છે.
7. **નવીનતા અને સર્જનાત્મકતા :** SQAA નવીનતા અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપે છે. શાળાઓ નવા વિચારોનો પ્રયોગ કરવા અને શ્રેષ્ઠ પ્રથાઓ વિકસાવવા માટે પ્રોત્સાહિત થાય છે.

## CBSE SQAA અને PARAKH SQAAF માળખાંનું તુલનાત્મક કોષ્ટક

("CBSE School Quality Assessment and Assurance Framework") મુજબ વિભાગ (મુખ્ય ક્ષેત્રો), પેટા-વિભાગ (પેટા-ક્ષેત્રો) અને તેના સંબંધિત પરિમાણો અથવા ધોરણોની (Standards) સંખ્યાનો આંકડાકીય સારાંશ નીચેના કોષ્ટકમાં આપેલ છે:

| ક્રમ | વિભાગ(Domain) | પેટા-વિભાગની સંખ્યા (No. of Sub-domains) | પરિમાણો/ધોરણોની સંખ્યા (No. of Standards) |
|---|---|---|---|
| ૧. | અભ્યાસક્રમ, શિક્ષણશાસ્ત્ર અને મૂલ્યાંકન (Curriculum, Pedagogy and Assessment) | 7 | 26 |
| ૨. | માળખાગત સુવિધાઓ (Infrastructure) | 12 | 20 |
| ૩. | માનવ સંસાધન (Human Resources) | 5 | 10 |
| ૪. | સમાવેશી પ્રથાઓ (Inclusive Practices) | 5 | 7 |
| ૫. | સંચાલન અને વ્યવસ્થાપન (Management and Governance) | 10 | 10 |
| ૬. | નેતૃત્વ (Leadership) | 3 | 5 |
| ૭. | લાભાર્થીનો સંતોષ (Beneficiary Satisfaction) | 6 | 6 |
| **કુલ** | **૭ વિભાગ (Total)** | **48** | **84** |

(નોંધ: મૂળ દસ્તાવેજના સારાંશ કોષ્ટકમાં પેટા-વિભાગનો કુલ આંકડો ૪૯ છાપવામાં આવ્યો છે, જોકે ઉપર દર્શાવેલ અલગ-અલગ પેટા-વિભાગની સંખ્યાનો સરવાળો ૪૮ થાય છે.)

**CBSE દ્વારા નિર્ધારિત SQAA (School Quality Assessment and Assurance) ના 7 ડોમેન મુજબ સ્કોરની ગણતરી કેવી રીતે કરવી તેની સમજૂતી:**

## SQAA સ્કોર ગણતરી અંગેની માર્ગદર્શિકા

CBSE દ્વારા શાળાઓના ગુણવત્તા મૂલ્યાંકન માટે કુલ 7 મુખ્ય વિભાગો (Domains) નક્કી કરવામાં આવ્યા છે. દરેક વિભાગનું મહત્ત્વ અને તેની ગણતરી કરવાની રીત નીચેના મુદ્દાઓ દ્વારા સમજી શકાય છે :

**1. કુલ ગુણ અને ભારણ (Weightage):**

- મૂલ્યાંકન કુલ 84 ધોરણો (Standards) પર આધારિત છે, જેના મહત્તમ ગુણ 336 થાય છે.
- દરેક વિભાગને અલગ-અલગ ભારણ (Weightage) આપવામાં આવ્યું છે. જેમ કે, 'અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્ર' વિભાગ સૌથી વધુ 40% ભારણ ધરાવે છે, જ્યારે બાકીના દરેક વિભાગ 10% ભારણ ધરાવે છે.

**2. વિભાગવાર ગણતરીની રીત :**

દરેક વિભાગમાં મેળવેલા ગુણને તેના ભારણમાં રૂપાંતરિત કરવા માટે નીચે મુજબનું સૂત્ર વાપરવામાં આવે છે :

વિભાગનો સ્કોર = {વિભાગમાં મેળવેલ ગુણ/વિભાગના મહત્તમ ગુણ} * વિભાગનું ભારણ

ઉદાહરણ તરીકે : જો તમારી શાળાએ 'માનવ સંસાધન' (વિભાગ 3) માં 40 માંથી 30 ગુણ મેળવ્યા હોય, તો તેની ગણતરી: (30 / 40) \ 10 = 7.5 % થશે.

**3. એકંદર (Overall) SQAA પ્રોફાઇલ :**

શાળાનો અંતિમ SQAA સ્કોર શોધવા માટે, ઉપર મુજબ સાતેય વિભાગોમાં મેળવેલ ટકાવારીનો સરવાળો કરવામાં આવે છે. આ કુલ સરવાળો 100% માંથી તમારી શાળાનું પ્રદર્શન દર્શાવે છે.

**6. CBSE ના 7 ડોમેન મુજબ પ્રદર્શન ગણતરી પત્રક (CBSE Calculation Matrix)**

| ક્રમ | વિભાગ | ધોરણોની સંખ્યા | મહત્તમ કુલ ગુણ | ફાળવેલ ભારણ | સંબંધિત વિભાગના પ્રદર્શનની ગણતરી માટેનું સૂત્ર (%) |
|---|---|---|---|---|---|
| 1 | અભ્યાસક્રમ, શિક્ષણશાસ્ત્ર અને મૂલ્યાંકન | 26 | 104 | 40% | (મેળવેલ ગુણ / 104) × 40 |
| 2 | માળખાગત સુવિધાઓ | 20 | 80 | 10% | (મેળવેલ ગુણ / 80) × 10 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3 | માનવ સંસાધન | 10 | 40 | 10% | (મેળવેલ ગુણ / 40) × 10 |
| 4 | સમાવેશી પ્રથાઓ | 7 | 28 | 10% | (મેળવેલ ગુણ / 28) × 10 |
| 5 | સંચાલન અને વ્યવસ્થાપન | 10 | 40 | 10% | (મેળવેલ ગુણ / 40) × 10 |
| 6 | નેતૃત્વ | 5 | 20 | 10% | (મેળવેલ ગુણ / 20) × 10 |
| 7 | લાભાર્થીનો સંતોષ | 6 | 24 | 10% | (મેળવેલ ગુણ / 24) × 10 |
| | શાળાનું એકંદર SQAA પ્રોફાઇલ | 84 | 336 | 100% | ઉપર ગણતરી કરેલી તમામ 7 ટકાવારીઓનો કુલ સરવાળો |

અહીં PARAKH - SQAAF ફ્રેમવર્કના વિભાગ (ક્ષેત્રો), પેટા-વિભાગ (પેટા-ક્ષેત્રો) અને તેમના સંબંધિત પરિમાણોની (મૂલ્યાંકન માટેના પ્રશ્નોની સંખ્યા) નો સારાંશ કોષ્ટક સ્વરૂપે આપેલ છે.

## SQAAF ફ્રેમવર્કનું માળખું - એક ઝલક (Overview)

| **ક્રમ (S.No.)** | **વિભાગ (Domain Name)** | પેટા-વિભાગની સંખ્યા (No. of Sub-Domains) | પરિમાણો/પ્રશ્નોની સંખ્યા (No. of Parameters) |
|---|---|---|---|
| ૧. | વહીવટ (Administration) | 8 | 56 |
| ૨. | અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્ર (Curriculum and Pedagogy) | 17 | 107 |
| ૩. | મૂલ્યાંકન (Assessment) | 11 | 60 |
| ૪. | માળખાગત સુવિધાઓ (Infrastructure) | 9 | 51 |
| ૫. | સમાવેશિતા (Inclusiveness) | 8 | 64 |
| કુલ (Total) | 5 વિભાગ | 53 પેટા-વિભાગ | 338 પરિમાણો |

**PARAKH દ્વારા નિર્ધારિત SQAA (School Quality Assessment and Assurance) ના 5 ડોમેન મુજબ સ્કોરની ગણતરી કેવી રીતે કરવી તેની સમજૂતી :**

**SQAA સ્કોર ગણતરી અંગેની માર્ગદર્શિકા :**

PARAKH દ્વારા શાળાઓના ગુણવત્તા મૂલ્યાંકન માટે કુલ 5 મુખ્ય વિભાગો (Domains) નક્કી

કરવામાં આવ્યા છે. દરેક વિભાગનું મહત્ત્વ અને તેની ગણતરી કરવાની રીત નીચેના મુદ્દાઓ દ્વારા સમજી શકાય છે :

**ગણતરીની મુખ્ય સમજૂતી :**

1. કુલ પરિમાણો અને ગુણ : આ ફ્રેમવર્ક કુલ 338 પરિમાણો પર આધારિત છે, જેના કુલ મહત્તમ ગુણ 1014 થાય છે.
2. સમાન ભારણ (Equal Weightage) : દરેક વિભાગને 20% ભારણ આપવામાં આવ્યું છે, જેનો અર્થ છે કે દરેક વિભાગ શાળાના એકંદર સ્કોરમાં સરખું મહત્ત્વ ધરાવે છે.
3. ગણતરીનું સામાન્ય સૂત્ર: કોઈપણ વિભાગનો સ્કોર (%) શોધવા માટે નીચેનું સૂત્ર વાપરી શકાય:

**{વિભાગનો સ્કોર}={મેળવેલ ગુણ}/{વિભાગના મહત્તમ ગુણ} * 20**

ઉદાહરણ તરીકે : જો તમારી શાળાએ મૂલ્યાંકન (Assessment) (વિભાગ 3) માં 180 માંથી 115 ગુણ મેળવ્યા હોય, તો તેની ગણતરી: (115 / 180) * 20 = 12.8 થશે.

**કુલ સરવાળો (Grand Total) : આ સંપૂર્ણ ફ્રેમવર્કમાં 338 પરિમાણો હેઠળ કુલ 1014 ગુણનો સમાવેશ થાય છે.**

| ક્રમ | વિભાગ | પરિમાણોની સંખ્યા | મહત્તમ કુલ ગુણ | ફાળવેલ ભારણ | સંબંધિત વિભાગના પ્રદર્શનની ગણતરી (%) |
|---|---|---|---|---|---|
| 1 | વહીવટ (Administration) | 56 | 168 | 20% | (મેળવેલ ગુણ / 168) × 20 |
| 2 | અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્ર (Curriculum and Pedagogy) | 107 | 321 | 20% | (મેળવેલ ગુણ / 321) × 20 |
| 3 | મૂલ્યાંકન (Assessment) | 60 | 180 | 20% | (મેળવેલ ગુણ / 180) × 20 |
| 4 | માળખાગત સુવિધાઓ (Infrastructure) | 51 | 153 | 20% | (મેળવેલ ગુણ / 153) × 20 |
| 5 | સમાવેશિતા (Inclusiveness) | 64 | 192 | 20% | (મેળવેલ ગુણ / 192) × 20 |
| | શાળાનું એકંદર SQAA પ્રોફાઇલ | 338 | 1044 | 100% | ઉપર ગણતરી કરેલી તમામ 5 ટકાવારીઓનો કુલ સરવાળો |

શાળા ગુણવત્તા મૂલ્યાંકન અને સુનિશ્ચિતતા (SQAA) માળખું એ ભારતીય શિક્ષણ પદ્ધતિમાં ગુણવત્તા સુધારણા માટેનું એક શક્તિશાળી સાધન છે. કેન્દ્રીય બોર્ડ દ્વારા વિકસિત આ વ્યાપક માળખું શાળાઓને સ્વ-મૂલ્યાંકન, સ્વ-સુધારણા અને સતત વિકાસની દિશામાં દોરી જાય છે.

SQAA માળખાના સાત વિભાગો - અભ્યાસક્રમ, શિક્ષણશાસ્ત્ર અને મૂલ્યાંકન, માળખાકીય સુવિધાઓ, માનવ સંસાધન, સમાવેશી પ્રથાઓ, વ્યવસ્થાપન અને વ્યવસ્થાપન, નેતૃત્વ અને હિતધારક સંતોષ - શાળાની સંપૂર્ણ કામગીરીને આવરી લે છે. દરેક વિભાગ હેઠળ સ્પષ્ટ ધોરણો, પ્રદર્શન સ્તરો અને સૂચકાંકો શાળાઓને માર્ગદર્શન પૂરું પાડે છે.

આ માળખું એકવારનું મૂલ્યાંકન નથી, પરંતુ સતત સુધારણાનું ચક્ર છે. દર ત્રણ વર્ષે શાળાઓએ સ્વ-મૂલ્યાંકન કરવું જોઈએ, સુધારણા યોજના બનાવવી જોઈએ અને તેનો અમલ કરવો જોઈએ. આ પ્રક્રિયા દ્વારા શાળાઓ સતત વિકાસ પામે છે અને શૈક્ષણિક ઉત્કૃષ્ટતા તરફ આગળ વધે છે.

SQAA નો સફળ અમલીકરણ માટે, શાળાઓએ સહભાગી દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ, તમામ હિતધારકોને પ્રક્રિયામાં સામેલ કરવા જોઈએ, પ્રામાણિક અને પુરાવા-આધારિત મૂલ્યાંકન કરવું જોઈએ અને સતત સુધારણાની માનસિકતા જાળવવી જોઈએ. જ્યારે આ સિદ્ધાંતોનું પાલન કરવામાં આવે છે, ત્યારે SQAA શાળાઓના રૂપાંતરણ અને વિદ્યાર્થીઓના જીવનમાં સકારાત્મક ફેરફાર લાવવાનું શક્તિશાળી માધ્યમ બની શકે છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 એ 21મી સદી માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવાના સ્વપ્ન સાથે, ગુણવત્તાયુક્ત, સમાવેશી અને સર્વાંગી શિક્ષણના દ્રષ્ટિકોણને રજૂ કર્યો છે. SQAA માળખું આ દૃષ્ટિકોણને વાસ્તવિકતામાં રૂપાંતરિત કરવાનું એક મહત્ત્વપૂર્ણ સાધન છે. જ્યારે આપણી શાળાઓ SQAA માળખાનો પ્રામાણિક અને પ્રતિબદ્ધતા સાથે ઉપયોગ કરશે, ત્યારે જ આપણે દરેક બાળક માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરી શકીશું અને ભારતને જ્ઞાનવાન સમાજ તરફ લઈ જઈ શકીશું.

આવો, આપણે બધા - શિક્ષકો, આચાર્યો, વાલીઓ, સમુદાય અને નીતિ નિર્માતાઓ SQAA માળખાને અપનાવીએ અને આપણી શાળાઓને શૈક્ષણિક ઉત્કૃષ્ટતાના કેન્દ્રો બનાવીએ. દરેક શાળા જ્યાં દરેક બાળક શીખે, વિકસે અને તેની સંપૂર્ણ ક્ષમતા સિદ્ધ કરે - આ જ સાચા અર્થમાં ગુણવત્તાયુક્ત શિક્ષણનું સ્વપ્ન છે, અને SQAA આ સ્વપ્નને સાકાર કરવાનો માર્ગ છે.

## પરિશિષ્ટ - 1

કેન્દ્રીય શિક્ષણ બોર્ડ એટલે કે CBSE એ આ માળખું તૈયાર કરેલ છે અને હાલ અમલ કરેલ છે. આ જ સંદર્ભનું ગુજરાત રાજ્યમાં પોતાનું ગુણોત્સવ માળખું શાળા ગુણવત્તા સંદર્ભે તૈયાર કરેલ છે અને અમલીકૃત છે. અહીં કેન્દ્રીય શિક્ષણ બોર્ડ અને NCERT - ના PARAKH દ્વારા તૈયાર આ તુલનાત્મક કોષ્ટક શૈક્ષણિક સંદર્ભ અને નીતિ અભ્યાસ માટે રજૂ કરવામાં આવી છે. બંને માળખાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના દૃષ્ટિકોણને સાકાર કરવા માટે વિકસાવવામાં આવ્યા છે અને પરસ્પર પૂરક છે. CBSE સંલગ્ન શાળાઓ માટે CBSE SQAA માળખું ફરજિયાત છે, જ્યારે PARAKH SQAAF એ વ્યાપક રાષ્ટ્રીય માળખું છે જે તમામ શાળાઓ અને બોર્ડ્સ માટે માર્ગદર્શન પૂરું પાડે છે, દરેક રાજ્યના બોર્ડ આ માળખાના અનુસંધાને પોતાનું અલગ માળખું બનાવી શકે છે. આ સાથે કોષ્ટક-૧ અને કોષ્ટક-૨માં અનુક્રમે CBSE દ્વારા તથા PARAKH દ્વારા SQAA માળખું વિસ્તૃત - કોષ્ટક સ્વરૂપે સંદર્ભમાં રજુ કરેલ છે.

### કોષ્ટક-1- CBSE SQAA

| CBSE SQAAF કુલ 7 વિભાગ 48 પેટા-વિભાગ - 84 પરિમાણ | | | | |
|---|---|---|---|---|
| | **વિભાગ** | **ભારાંક** | **પેટા-વિભાગ** | **પરિમાણ** |
| 1 | **1. અભ્યાસક્રમ, શિક્ષણશાસ્ત્ર અને મૂલ્યાંકન (Curriculum, Pedagogy & Assessment)** | **40%** | 1.1 અભ્યાસક્રમ આયોજન (Curriculum Planning) | 4 |
| 2 | | | 1.2 શિક્ષણ અને અધ્યયનની પ્રક્રિયાઓ (Teaching Learning Processes) | 4 |
| 3 | | | 1.3 વિદ્યાર્થી સંવર્ધન, કૌશલ્ય/વ્યાવસાયિક શિક્ષણ (Student Enrichment, Skill/ Vocational Education) | 4 |
| 4 | | | 1.4 શારીરિક શિક્ષણ અને રમતગમત (Physical Education and Sports) | 3 |
| 5 | | | 1.5 મૂલ્ય અને નીતિમત્તા (Values and Ethos) | 2 |
| 6 | | | 1.6 વિદ્યાર્થી પ્રદર્શન, મૂલ્યાંકન અને પ્રતિભાવ (Student Performance, Assessment & Feedback) | 5 |
| 7 | | | 1.7 પ્રારંભિક બાળપણ અને પાયાની સાક્ષરતા (ECCE and Foundational Literacy & Numeracy) | 4 |

| | | | | |
|---|---|---|---|---|
| 8 | 2. માળખાગત સુવિધાઓ (Infrastructure) | 10% | 2.1 વર્ગખંડ, પુસ્તકાલય, પ્રયોગશાળાઓ (Classrooms, Library, Laboratories) | 5 |
| 9 | | | 2.2 આચાર્ય ઑફિસ, સ્ટાફ રૂમ, વહીવટી કચેરી (Principal's Office, Staff Room, Admin Offices) | 1 |
| 10 | | | 2.3 પ્રાથમિક સારવાર અને આરોગ્ય સુવિધાઓ (Infirmary and Health Facilities) | 1 |
| 11 | | | 2.4 પાણી, સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપન (Water, Sanitation & Waste Management) | 1 |
| 12 | | | 2.5 ફર્નિચર (Furniture) | 1 |
| 13 | | | 2.6 લાઇટિંગ અને વેન્ટિલેશન (Lighting and Ventilation) | 1 |
| 14 | | | 2.7 ઇકો-ફ્રેન્ડલી અભિગમ (Eco-Friendly Orientation) | 1 |
| 15 | | | 2.8 સુરક્ષાની જોગવાઈઓ (Safety Provisions) | 1 |
| 16 | | | 2.9 રમતગમત મેદાન અને સુવિધાઓ (Playground and Sports Facilities) | 1 |
| 17 | | | 2.10 હોસ્ટેલ/વિદ્યાર્થી આવાસ (Hostels/ Student Accommodation) | 5 |
| 18 | | | 2.11 શાળાની કેન્ટીન (School Canteen) | 1 |
| 19 | | | 2.12 પરિવહન અને એસ્કોર્ટ સુવિધા (Transport and Escort Facility) | 1 |
| 20 | 3. માનવ સંસાધન (Human Resources) | 6 | 3.1 શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ (Academic and Non-Academic Staff) | 6 |
| 21 | | | 3.2 વાલીઓ (Parents) | 1 |
| 22 | | | 3.3 વિદ્યાર્થીઓ (Students) | 1 |
| 23 | | | 3.4 ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ (Alumni) | 1 |
| 24 | | | 3.5 સમુદાય (Community) | 1 |

| | | | | |
|---|---|---|---|---|
| 25 | 4. સમાવેશી પ્રથાઓ (Inclusive Practices) | 10% | 4.1 અવરોધ-મુક્ત વાતાવરણ (Barrier-Free Environment) | 3 |
| 26 | | | 4.2 રમતો, રમતગમત અને મનોરંજક સુવિધાઓ (Games, Sports & Recreational Facilities) | 1 |
| 27 | | | 4.3 પરિવહન સુવિધાઓ (Transportation Facilities) | 1 |
| 28 | | | 4.4 વલણગત અવરોધો દૂર કરવા (Overcoming Attitudinal Barriers) | 1 |
| 29 | | | 4.5 વિશેષ સમાનતા પ્રોજેક્ટ્સ (Special Equity Projects) | 1 |
| 30 | 5. સંચાલન અને વ્યવસ્થાપન (Management and Governance) | 10% | 5.1 વિઝન અને મિશન (Vision and Mission Statement) | 1 |
| 31 | | | 5.2 સંસ્થાકીય આયોજન (Institutional Planning) | 1 |
| 32 | | | 5.3 અસરકારક સંકલન (Effective Coordination) | 1 |
| 33 | | | 5.4 સંસાધન વ્યવસ્થાપન (Resource Management) | 1 |
| 34 | | | 5.5 સંબંધ વ્યવસ્થાપન (Relationship Management) | 1 |
| 35 | | | 5.6 પ્રવૃત્તિ વ્યવસ્થાપન (Activity Management) | 1 |
| 36 | | | 5.7 ડેટા અને રેકોર્ડ જાળવણી (Data and Record Maintenance) | 1 |
| 37 | | | 5.8 મૌખિક અને લેખિત સંચાર (Oral/ Virtual and Written Communication) | 1 |
| 38 | | | 5.9 ફી અને નાણાકીય વ્યવસ્થાપન (Financial and Fee Administration) | 1 |
| 39 | | | 5.10 પ્રવેશ પ્રક્રિયા (Admission Process) | 1 |

| | | | | |
|---|---|---|---|---|
| 40 | 6. નેતૃત્વ (Leadership) | 10% | 6.1 શિક્ષણશાસ્ત્રીય નેતૃત્વ (Pedagogical Leadership) | 1 |
| 41 | | | 6.2 સહયોગી નેતૃત્વ (Collaborative Leadership) | 1 |
| 42 | | | 6.3 ગુણવત્તા અને પરિવર્તન વ્યવસ્થાપન (Quality and Change Management Systems) | 3 |
| 43 | 7. લાભાર્થીનો સંતોષ (Beneficiary Satisfaction) | 10% | 7.1 વિદ્યાર્થીઓનો સંતોષ (Satisfaction of Students) | 1 |
| 44 | | | 7.2 સ્ટાફનો સંતોષ (Satisfaction of Staff) | 1 |
| 45 | | | 7.3 આચાર્યનો સંતોષ (Satisfaction of Principal) | 1 |
| 46 | | | 7.4 વાલીઓ અને પૂર્વ વિદ્યાર્થીઓનો સંતોષ (Satisfaction of Parents and Alumni) | 1 |
| 47 | | | 7.5 સમુદાયનો સંતોષ (Satisfaction of Community) | 1 |
| 48 | | | 7.6 સંચાલકોનો સંતોષ (Satisfaction of Management) | 1 |

**કોષ્ટક-2- PARAKH- SQAA**

| PARAKH SQAAF કુલ 5 વિભાગ 53 પેટા વિભાગ અને 338 પરિમાણ | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **વિભાગ** | **ભારાંક** | **પેટા-વિભાગ** | **પરિમાણ** |
| 1 | 1. વહીવટ (Administration) | 20% | 1.1 નેતૃત્વ અને વ્યવસ્થાપન (Leadership and Governance) | 7 |
| 2 | | | 1.2 વિઝન અને વ્યૂહાત્મક આયોજન (Vision and Strategic Planning) | 7 |
| 3 | | | 1.3 નાણાકીય વ્યવસ્થાપન (Financial Management) | 7 |

| | | | | |
|---|---|---|---|---|
| 4 | | | 1.4 વ્યાવસાયિક વિકાસ અને ક્ષમતા નિર્માણ (Professional Development & Capacity Building) | 7 |
| 5 | | | 1.5 સ્ટાફની ભરતી અને જાળવણી (Staff Recruitment and Retention) | 7 |
| 6 | | | 1.6 સંચાર અને હિતધારકો ભાગીદારી (Communication and Stakeholder Engagement) | 7 |
| 7 | | | 1.7 શાળાની સલામતી અને સુરક્ષા (School Safety and Security) | 7 |
| 8 | | | 1.8 સતત પ્રતિભાવ (Continuous Feedback) | 7 |
| 9 | **2. અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્ર (Curriculum and Pedagogy)** | **20%** | 2.1 અભ્યાસક્રમની સમીક્ષા અને અમલીકરણ (Curriculum Review and Implementation) | 7 |
| 10 | | | 2.2 અભ્યાસક્રમ રૂપરેખા અને લવચીકતા (Curriculum Design and Flexibility) | 6 |
| 11 | | | 2.3 ઉચ્ચ ધોરણોમાં વિષયની પસંદગી (Subject Choices at Higher Grades) | 8 |
| 12 | | | 2.4 કરિયર કાઉન્સેલિંગ અને વિદ્યાર્થી સહાય (Career Counselling and Student Support) | 7 |
| 13 | | | 2.5 કૌશલ્ય આધારિત શિક્ષણ (Skill-Based Education) | 7 |
| 14 | | | 2.6 વિદ્યાર્થી-કેન્દ્રિત શિક્ષણ અભિગમ (Student-Centered Learning Approaches) | 7 |
| 15 | | | 2.7 ભવિષ્યના કૌશલ્યો અને ચારિત્ર્ય ઘડતર (Future-Ready Skills & Character Building) | 6 |

| | | | | |
|---|---|---|---|---|
| 16 | | | 2.8 ડિજિટલ સાક્ષરતા, AI અને ICT એકીકરણ (Digital Literacy, AI & ICT Integration) | 9 |
| 17 | | | 2.9 બહુવિષયક અને આંતરશાખાકીય શિક્ષણ (Multidisciplinary & Interdisciplinary Learning) | 7 |
| 18 | | | 2.10 કલા અને રમતગમતનું એકીકરણ (Arts and Sports Integration) | 8 |
| 19 | | | 2.11 માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય સહાય (Mental and Physical Health Support) | 7 |
| 20 | | | 2.12 પર્યાવરણ સંરક્ષણ અને પ્રથાઓ (Environmental Protection and Practices) | 7 |
| 21 | | | 2.13 અભ્યાસક્રમ નવીનતા અને વૈશ્વિક સંદર્ભો (Curriculum Innovation and Global Contexts) | 8 |
| 22 | | | 2.14 સ્વદેશી જ્ઞાન અને સાંસ્કૃતિક હસ્તાંતરણ (Indigenous Knowledge & Cultural Transmission) | 3 |
| 23 | | | 2.15 શિક્ષણનું માધ્યમ અને બહુભાષી શિક્ષણ (Language of Instruction & Multilingual Education) | 3 |
| 24 | | | 2.16 CAS - સર્જનાત્મકતા, પ્રવૃત્તિ, સેવા (Creativity, Activity, Service) | 3 |
| 25 | | | 2.17 વ્યાવસાયિક જોડાણ અને બાહ્ય નિષ્ણાતો (Professional Engagement & External Expertise) | 4 |
| 26 | **3. મૂલ્યાંકન (Assessment)** | **20%** | 3.1 યોગ્યતા-આધારિત મૂલ્યાંકન માળખું (Competency-Based Assessment Framework) | 4 |
| 27 | | | 3.2 રચનાત્મક અને સંગ્રહિત મૂલ્યાંકન (Formative and Summative Assessments) | 3 |

| | | | | |
|---|---|---|---|---|
| 28 | | | 3.3 સર્વગ્રાહી પ્રગતિ કાર્ડ - HPC (Holistic Progress Cards) | 3 |
| 29 | | | 3.4 ચિંતન અને સ્વ-મૂલ્યાંકન (Reflection and Self-Assessment) | 5 |
| 30 | | | 3.5 માંગ-આધારિત અને લવચીક મૂલ્યાંકન (On-Demand and Flexible Assessments) | 4 |
| 31 | | | 3.6 ક્રેડિટ-આધારિત સિસ્ટમ અને ક્રેડિટ ટ્રાન્સફર (Credit-Based System & Credit Transfer) | 5 |
| 32 | | | 3.7 પ્રોજેક્ટ-આધારિત અને પ્રાયોગિક મૂલ્યાંકન (Project-Based & Experiential Assessments) | 5 |
| 33 | | | 3.8 મૂલ્યાંકનને સમુદાયની જરૂરિયાતો સાથે જોડવું (Assessment Linked to Community Needs) | 8 |
| 34 | | | 3.9 અખંડિતતા, પરીક્ષા સુરક્ષા અને પારદર્શિતા (Integrity, Exam Security & Transparency) | 8 |
| 35 | | | 3.10 મધ્યસ્થીકરણ અને માનકીકરણ (Moderation and Standardization of Assessments) | 5 |
| 36 | | | 3.11 PARAKH ના સમાનતા ધોરણો અને માર્ગદર્શિકાઓ (PARAKH Equivalence Standards & Guidelines) | 10 |
| 37 | 4. માળખાગત સુવિધાઓ (Infrastructure) | **20%** | 4.1 પાયાની સુવિધાઓ - શૌચાલય, પીવાનું પાણી, ઇન્ટરનેટ (Basic Infrastructure) | 5 |
| 38 | | | 4.2 વર્ગખંડ આધુનિકીકરણ અને સ્માર્ટ ક્લાસરૂમ (Classroom Upgrades & Smart Classrooms) | 5 |
| 39 | | | 4.3 રમતગમત મેદાનો અને સુવિધાઓ (Playgrounds and Sports Facilities) | 5 |

| | | | | |
|---|---|---|---|---|
| 40 | | | 4.4 આરોગ્ય, સ્વચ્છતા અને સફાઈ (Health, Hygiene, and Cleanliness) | 5 |
| 41 | | | 4.5 પુસ્તકાલય ઉપયોગ અને શિક્ષણ સંસાધનો (Library Usage and Learning Resources) | 8 |
| 42 | | | 4.6 પ્રયોગશાળા ઉપયોગ અને સંસાધન ઉપલબ્ધતા (Laboratory Usage & Resource Availability) | 8 |
| 43 | | | 4.7 ગ્રીન બિલ્ડિંગ અને ટકાઉ પ્રથાઓ (Green Buildings and Sustainable Practices) | 5 |
| 44 | | | 4.8 માળખાગત સુવિધાઓ જાળવણી (Maintenance of Infrastructure) | 5 |
| 45 | | | 4.9 સુરક્ષા ઓડિટ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઓડિટ (Safety & Infrastructure Audits) | 5 |
| 46 | **5. સમાવેશિતા (Inclusiveness)** | **20%** | 5.1 દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સહાય (Support for Students with Disabilities) | 17 |
| | | | | |
| 47 | | | 5.2 સાંસ્કૃતિક સંવેદનશીલતા અને વિવિધતા (Cultural Sensitivity and Diversity) | 5 |
| 48 | | | 5.3 જાતિ સંવેદનશીલતા (Gender Sensitivity) | 5 |
| 49 | | | 5.4 આદિવાસી વસ્તી ભાગીદારી (Engagement of Tribal Populace) | 8 |
| 50 | | | 5.5 સામાજિક-આર્થિક સમાવેશિતા (Socio-Economic Inclusivity) | 8 |
| 51 | | | 5.6 શૈક્ષણિક રીતે નબળા વિદ્યાર્થીઓ અને ડ્રોપઆઉટ નિવારણ (At-Risk Students & Dropout Prevention) | 9 |
| 52 | | | 5.7 શાળા-સમુદાય સંબંધો (Strengthening School-Community Relationships) | 4 |
| 53 | | | 5.8 પ્રતિભા ઓળખ અને સંવર્ધન (Talent Identification and Nurturance) | 8 |
| | | | | **338** |

# ગુરુકુળ - શિક્ષણ વ્યવસ્થાનું પુનરુત્થાન
# એકાંગી શિક્ષણ વ્યવસ્થાના પરિણામો

**લેખાંક–5 : સંપૂર્ણ જીવન, વડોદરા**

**ભૂમિકા :**

'શ્રી સારસ્વત'ના ગતાંક ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૬ના અંકમાં બે વિષયની ચર્ચા કરી ગયા : ૧. ગુરુકુળ વ્યવસ્થા : વિદ્યાર્થીઓના સર્વાંગી ચારિત્ર્યઘડતરની પાઠશાળા ૨. બ્રિટિશ સામ્રાજયના વ્યાપને પરિણામે ગુરુકુળ વ્યવસ્થાનું નિર્મૂલન. સાંપ્રત સમયમાં વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ ગુરુકુળ વ્યવસ્થાનું કઈ રીતે અમલીકરણ થઈ શકે તેનું ચિંતન કરતાં પૂર્વે લોર્ડ મેકોલેએ સર્જેલી માનસિકતાનું વિશ્લેષણ કરી લઈએ.

**એકાંગી શિક્ષણ વ્યવસ્થાના પરિણામો :**

સ્વાતંત્ર્ય પ્રાપ્તિના ૮૦ વર્ષ સંપન્ન થયા પછી પણ આપણી શિક્ષણ વ્યવસ્થા એકાંગી છે. કિન્ડર ગાર્ટનથી પ્રારંભ કરીને અનુસ્નાતક કે સંશોધન સુધીના અભ્યાસક્રમમાં દરેક તબક્કે માત્ર ઈન્દ્રિયોના વિષય આધારિત ભૌતિક વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે અધ્યાત્મ, સર્વસમર્થ, સર્વજ્ઞ અને સર્વવ્યાપક પરમાત્મા (આત્મા) પરની શ્રદ્ધા દૃઢ કરતા કોઈપણ વિષયોનું અધ્યાપન કરાવવામાં આવતું નથી. તેના મૂળમાં છે લોર્ડ મેકોલેએ ૧૯૦ વર્ષ પૂર્વે આપેલા અહેવાલના આધારે સ્થાપિત સંકુચિત માનસિકતા. લોર્ડ મેકોલે દેહ આધારિત સ્થૂળ ભૌતિક અર્થવ્યવસ્થાના પ્રતિનિધિ છે. વર્તમાન સત્તાધીશો પણ આધ્યાત્મિક જ્ઞાનના અભાવે આ વિચારધારાથી મુક્ત થઈ શક્યા નથી. જેનાં વિઘાતક પરિણામો વ્યકિત, પરિવાર, સમાજ અને પ્રકૃતિ સૌને ભોગવવા પડે છે. આ બાબત વિગતે તપાસીએ.

પરમાત્માએ આ સૃષ્ટિનું સર્જન કર્યું છે પણ તેમાં સહેતુક વૈવિધ્ય દૃષ્ટિગોચર થાય છે. દરેક જીવનો આત્મા એક સમાન છે. અપરિવર્તનશીલ છે. આનંદ સ્વરૂપ છે પણ બૌદ્ધિક સ્તરે ભિન્નતા છે. બુદ્ધિના ચાર પ્રકાર છે: મંદ, મધ્યમ, તીવ્ર અને પ્રજ્ઞાવાન. પ્રાચીન સમયમાં વિદ્યાર્થીઓ બ્રહ્મચર્યાશ્રમમાં ૬ વર્ષથી ૨૦ વર્ષ સુધી અંદાજે ૧૩ વર્ષ ગુરુકુળમાં પ્રજ્ઞાવાન, શાણાં, નિષ્કામ ઋષિઓ પાસેથી ભૌતિકવિદ્યાની સાથે અધ્યાત્મવિદ્યાનું શિક્ષણ પ્રાપ્ત કરતા હતા. તેથી તીવ્ર બુદ્ધિ ધરાવનારા પણ જયારે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ

કરતા ત્યારે કોઈનું અન્યાય કે શોષણ કરતા નહીં. મોટાભાગના સ્વતંત્ર વ્યવસાયમાં પ્રવૃત્ત હતા. ભાગ્યે જ કોઈ નોકરીમાં જોડાતા.

બ્રિટિશ સલ્તનતે પોતાના દેશમાં પ્રારંભ થયેલી ઔદ્યોગિક ક્રાંતિને વિકસાવવા ભારતીય ગ્રામોદ્યોગ, ગૃહોદ્યોગનો વિનાશ કર્યો. અર્થવ્યવસ્થાનું કેન્દ્રીકરણ થવા લાગ્યું. અંગ્રેજ સામ્રાજયને વફાદાર હોય તેવા કર્મચારીઓ, અધિકારીઓની આવશ્યકતા હતી તેથી ગુરુકુળ વ્યવસ્થા સમાપ્ત કરી દેવામાં આવી. સ્વાતંત્ર્ય પછી પણ આ સ્થિતિમાં વિશેષ પરિવર્તન આવ્યું નથી. ખાનગી અને જાહેર કેન્દ્રીત અર્થવ્યવસ્થાના ફલસ્વરૂપ આત્માના શિક્ષણથી વંચિત તીવ્ર બુદ્ધિ ધરાવતા આયોજકો કે કંપનીના કર્તાહર્તાઓ વધુ ને વધુ સત્તા, સંપત્તિ અને પ્રતિષ્ઠાના મોહ, વાસનાથી ઘેરાયેલા છે. તેઓ કર્મઠ છે પણ તમસ અને રજસવૃત્તિથી પ્રેરાઈને કાર્યશીલ છે. સંસાધનોનો બિનજરૂરી પરિગ્રહ કરે છે. કર્મચારીઓ અને ગ્રાહકોનું શોષણ કરે છે. રાષ્ટ્રીય કે બહુરાષ્ટ્રીય કંપનીઓ કર્મચારીઓને વધારે વેતન આપે છે પણ તેમને સોંપાયેલા કામની કોઈ સીમા હોતી નથી. તેથી તે બધા પણ સતત તાણમાં રહે છે. આયોજકોને કર્મના સિદ્ધાંતની જાણકારી નથી તેથી તેઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને ઈર્ષા જેવા ષરિપુઓનો ભોગ બને છે. છાંદોગ્ય ઉપનિષદમાં દર્શાવ્યા અનુસાર પશુવત્ જીવન જીવે છે.

**સમાપન** :

વર્તમાન શિક્ષણ વ્યવસ્થામાં જો પ્રાથમિક શિક્ષણથી અધ્યાત્મના વિષયોનો સમાવેશ કરવામાં આવે તો વિદ્યાર્થીઓમાં આંધળી આજ્ઞાંકિતતા નહીં હોય. પોતાની પાસે મર્યાદિત સંસાધનો હશે તો પણ ઇન્દ્રિયોની લાલસાથી દૂર રહેશે. બુદ્ધિ અને આત્માનો સમન્વય કરીને સારાસારનો વિવેક સમજીને નિર્ણયો લેશે. કોઈને અન્યાય કરશે નહીં. વિશેષ આવતા અંકે... **(ક્રમશઃ)**

**મોબાઈલ : 9426461090**

## આચાર્ય સજ્જતા

# મૂલ્યાંકનની મથામણ, પ્રવેશ ઉત્સવની પળોજણ...

**મહેશભાઈ શર્મા**
પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી
(મો.) 9909970267

સમગ્ર વર્ષ દરમિયાન શીખવવામાં આવેલા વિષયોના વિષય વસ્તુનું મૂલ્યાંકન કરવામાં આવે છે. વિષયોના પ્રકરણ, વિષયાંગના ગુણભાર, વિષયનું માળખું, વિષયોના પ્રશ્નપત્રનો ઢાંચો જેવી બાબતોને ધ્યાનમાં રાખી પ્રશ્નપત્ર ઘડવામાં આવે છે. નિબંધ પ્રકારના, ટૂંકા પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવે છે. વિદ્યાર્થીને ઘડવાની સાથે સાથે પ્રશ્નપત્ર ઘડવાનું કામ પણ એટલું જ મહેનત માંગી લે તેવું હોય છે.

પ્રશ્નપત્રના પ્રશ્નો સાથે સાથ તેના જવાબો પણ એટલા જ મહત્વના હોય છે. વળી, સમય મર્યાદામાં ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન ત્રણેય પ્રકારના વિધાર્થી ભાઈઓ-બહેનો તેને સમજી શકે, પૂર્ણતઃ લખી શકે તે પણ જરૂરી છે.

હવે વાત જવાબવહી તપાસવાની, શિક્ષક ભાઈઓ-બહેનો માટે આ સમયમાં શિડ્યુઅલ ખૂબ જ ટાઈટ હોય છે. શાળામાં કામગિરી, બોર્ડના મધ્યસ્થ મૂલ્યાંકનની કામગિરી, સમાજમાં લગ્ન પ્રસંગો, શાળાકીય પરીક્ષા માટે વિધાર્થીભાઈઓ-બહેનોને તૈયાર કરવા..... ગ્રાન્ટેડ શાળાઓમાં તો ઘણીવાર પૂરતો સ્ટાફ પણ ના હોય. પટાવાળા, ક્લાર્ક, લાયબ્રેરીયનની જગ્યાઓ ખાલી હોય. આ બધા પ્રશ્નો વચ્ચે આચાર્યશ્રીની ભૂમિકા નવી આવેલી વહુ જેવી હોય છે Anyway આચાર્ય તરીકે પડકારોની વચ્ચે કામગીરી કરતાં મારા આચાર્યશ્રીને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું. અનેકાનેક સમસ્યાઓ વચ્ચે હકરાત્મક અભિગમથી કામ નિપટાવે છે. આખરે તો શિક્ષણમાં વિદ્યાર્થી જ કેન્દ્ર-સ્થાને હોય છે. શાળા નાની હોય કે મોટી, પ્રશ્નો તો સરખા પ્રકારના જ ઉદ્ભવતા હોય છે.

ગુજરાતી માધ્યમની ગ્રાન્ટેડ શાળાઓ ધીમે-ધીમે તૂટતી જાય છે. અંગ્રેજીનું પ્રભુત્વ આ શાળાઓ પર ભારી થઈ રહ્યું છે. વળી, સ્વનિર્ભર શાળાઓનું ટી.વી.ની ''સફેદીનો ચમકાર'' જાહેરખબર જેવું હોય છે.

મૂલ્યાંકનની મથામણની વાત કરું તો વિદ્યાર્થીઓ અને વાલીઓ બંને આ બાબતે અથડાયા કરે છે. ચમકે એ બધું સોનું ના હોય, એ બાબતને વાલી-વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ધ્યાનમાં લેવા જેવી બાબત છે.

જોકે જાણીને નવાઈ લાગશે. આપણા પાડોશી દેશ, નેપાળમાં એકસરખું ફક્ત ''સરકારી શિક્ષણ'' નવા વડાપ્રધાને લાગુ કરી દીધું છે.

કોઈનું ઝૂંપડું જોઈ હું આપણા હાલના શિક્ષણનો મહેલ તોડફોડ કરવામાં નથી માનતો. એક વાત ચોક્કસ છે કે સ્વનિર્ભર શાળાઓ જે બેફામ માતેલા સાંઢની જેમ દોડતી રહી છે. ખાસ કરીને શિક્ષણનું પૂરેપુરું વ્યાપારીકરણ જ કરી દીધું છે, જેને અંકુશમાં રાખવી જરૂરી લાગે છે. એફ.આર.સી.ને પણ ગાંઠતી નથી. પ્રવેશ ફોર્મથી પહેરવેશ સુધી એથી વિશેષ પેન, પેન્સિલથી માંડીને બૂટ, મોજા, કમરતોડ ઝોલો (થેલો), વિવિધ પ્રકારની એક્ટિવિટી ફી, પ્રવાસ, પર્યટન, મોંઘા રમકડા, પીઝા, પાસ્તા જેવા નાસ્તાની વ્યવસ્થા પૂરી પાડી આદત સે મજબૂર બનાવી રહી છે. કુદરતી વાતાવરણ વચ્ચે ઉછળકૂદ કરતી મેદાની શાળાઓ ખાલીખમ જોવા મળે છે. એ.સી. સેન્ટ્રલ એ.સી. ધરાવતી, ઝાકમઝોળ શાળાઓ ધમધમી રહી છે. પ્રવેશોત્સવ સમયે વાલી અને વિદ્યાર્થી પણ પ્રવેશ બાબતે અથડામણ અનુભવે છે. રમતગમત ક્ષેત્રે ગુજરાત સરકારે ૨૦૩૬ ઓલિમ્પિક રમતો માટે અત્યારથી જ કમર કસવી પડશે.

ટૂંકમાં, પેલી પંક્તિ યાદ આવે છે કે

**કનૈયા......કનૈયા.....**
**તુજે આના પડેગા......**
**શિક્ષણ કે લિયે કુછ કરના પડેગા..**

# पढ़ाई का विज्ञान-१३

– પ્રાંજલભાઈ જોષી
C.A., પુના.
ડાયરેક્ટર, D.S.P.P.L.

हम सब जानते हैं कि सीखने की प्रक्रिया “चित्त” के माध्यम से होती है। बुद्धि (कल्पना), मन (विचार या सोच) और हृदय (भावनाएँ) इन तीनोंसे चित्त बनता है, ये अलग कोई एक अंग नहीं है । इस चित्त मैं सबसे महत्वपूर्ण तत्व “मन” है। मनुष्य चाहे पुरुष हो या महिला, एक चीज समान होती है, वह है “मन”। मन और शरीर (उष्य) से ही तो “मनुष्य” बनता है। मन ही मनुष्य को अन्य सभी जीवों से अलग करता है। मानव अस्तित्व के सात घटकों में से "मन" ऐसा घटक है जो अन्य जीवों में नहीं पाया जाता, जबकि मनुष्य को यह वरदान स्वरूप मिला है। मन ही वह तत्व है जो भावनाओं और बुद्धि का संचलन करता है और जीवन के खेल के लिए आवश्यक अभिव्यक्तियाँ उत्पन्न करता है। यह मनुष्य का नियामक तंत्र है।

मानव मन की एकाग्रता या उसका विचलन तीन मुख्य शक्तियों पर निर्भर करता है, जिन्हें “त्रिगुण” कहा जाता है – रजस, तमस और सत्त्व। जीवन वास्तव में इनका अनुपात ही है। ये त्रिगुण निरंतर अपने अनुपात को बदलते रहते हैं, जिससे प्रत्येक व्यक्ति के मन की एकाग्रता प्रभावित होती है और परिणामस्वरूप सीखने की प्रक्रिया पर भी प्रभाव पड़ता है।




- सत्त्व मतलब सात्विकता, जो प्रकाश, ऊर्ध्वगति, स्पष्टता, शुद्धता और प्रेरणा से युक्त होती है।
- रजस याने क्रिया, जिसमें गति है, इसलिए अस्थिरता है, उत्तेजना है।
- तमस याने जड़ता, जो आलस्य, भारीपन सुस्ती और उत्साह की कमी से संबंधित है।

इन शक्तियों के परस्पर प्रभाव से मन प्रभावित होता है। आइए समज़ते है कि यह मन और सीखने की प्रक्रिया को कैसे प्रभावित करता है –

1. जब मन सत्त्व गुणसे प्रभावित होता है और रजस तथा तमस न्यूनतम होते हैं, तब मन पूर्णतः नियंत्रित अवस्था में होता है।
2. जब रजस और तमस समान रूप से बढ़ते हैं और सत्त्व गुण का प्रभुत्व थोड़ा कम हो जाता है, तब मन एकाग्रता (एक-बिंदुता) की अवस्था में होता है।
3. पर जब सत्त्व गुण - रजस और तमस से थोड़ा ही अधिक होता है, तब मन विचलित होने लगता है।

4. और जब तमस, सत्त्व और रजस पर हावी हो जाता है, तब मन जड़ (स्तब्ध) हो जाता है।

5. जब रजस गुण प्रमुख होता है, तब मन भटकाव (क्रिया, अस्थिरता) की स्थिति में रहता है।

ऊपर बताई गई स्थिति 1 और 2 सीखने की प्रभावी प्रक्रिया के लिए अनुकूल हैं। इन अवस्थाओं में कम समय में भी उच्च गुणवत्ता के परिणाम प्राप्त किए जा सकते हैं। स्थिति 3 में समझने में कठिनाई होती है, छोटे-छोटे शैक्षणिक कार्यों को पूरा करने में अधिक समय लगता है, तथ्यों को आत्मसात करने में परेशानी होती है और अंतिम सीखने के परिणाम प्रभावित होते हैं। स्थिति 4 और 5 अध्ययन के लिए बिल्कुल अनुकूल नहीं हैं और निश्चित रूप से असफलता की ओर ले जाती हैं।

आधुनिक विज्ञान मानता है कि बाहरी परिस्थितियाँ हमारे एड्रेनालिन स्तर को बढ़ाती हैं, जिसके कारन उत्तेजना या क्रिया, अस्थिरता उत्पन्न होती है। किंतु प्राचीन भारतीय परंपराएँ इसके विपरीत सत्य प्रस्तुत करती हैं। उनके अनुसार बाहरी परिस्थितियाँ कभी भी असंतुलन का कारण नहीं बनतीं। समान परिस्थितियों में भी, सत्त्वगुणी व्यक्ति शांत रहते हैं, रजोगुणी व्यक्ति उत्तेजित हो जाते हैं और तमोगुणी व्यक्ति उदासी या खालीपन महसूस करते हैं, निराशा और नकारात्मकता से भर जाते है।

इसलिए विद्यार्थियों के लिए मन का प्रबंधन अत्यंत आवश्यक है। हमें यह समझना होगा कि अब समय आ गया है कि हम विद्यार्थियों को तथाकथित आधुनिक जानकारी के नाम पर केवल बौद्धिक ज्ञान देना बंद करें। हमें "मन-निर्माण" पर ध्यान देना चाहिए, जो जीवनभर उनके काम आएगा, न कि केवल शरीर-निर्माण या अनावश्यक ज्ञान-संग्रह पर, जो समय के साथ समाप्त हो जाता है। भ्रमित, जड़ और भटका हुआ मन कभी भी विद्यार्थियों को सीखने, प्रगति करने और जीवन में उत्कृष्टता प्राप्त करने में सहायता नहीं कर सकता।

कई बार हमारी आधुनिक शिक्षा प्रणाली केवल चेतन मन (conscious Mind) को प्रशिक्षित करती है, जबकि यह सिद्ध हो चुका है कि हम अपने 95% समय में अवचेतन मन (sub-conscious Mind) द्वारा संचालित होते हैं। ऊपर बताए गए त्रिगुण सूक्ष्म होने के कारण मुख्यतः अवचेतन स्तर (sub-conscious Mind) पर कार्य करते हैं।

जैसे-जैसे दिन आगे बढ़ता है, सत्त्व से तमस की ओर परिवर्तन स्वाभाविक रूप से होता है, लेकिन प्रभावी अध्ययन के लिए हमें इस परिवर्तन को अपनी इच्छा से नियंत्रित करना सीखना होगा। जब तक हम अपने अवचेतन मन को शुद्ध नहीं करते या उससे ऊपर नहीं उठते, तब तक कम शैक्षणिक परिणामों के लिए अधिक प्रयास, कठोर परिश्रम और तनाव सहना पड़ेगा।

आध्यात्मिक साधनाएँ मूलतः अवचेतन मन को नियंत्रित करने में प्रभावी होती हैं और विद्यार्थियों को त्रिगुणों का उपयोग अपने लाभ के लिए करने में सहायता करती हैं। यह विद्यार्थी को सत्त्व को रजस और तमस के अनुपात में संतुलित रखते हुए एकाग्रता प्राप्त करने की दिशा में मार्गदर्शन देती हैं, जिससे कम प्रयास में बेहतर परिणाम मिलते हैं। हमें यह स्मरण रखना चाहिए कि शैक्षणिक उत्कृष्टता का मार्ग आध्यात्मिकता के गलियारों से होकर ही जाता है।

# વેકેશનોત્સવ

**– દિનેશ માંકડ (9427960979)**

વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા જેની કાગ ડોલે રાહ જોવાતી હોય તે વર્ષનો ઉત્તમ સમય એટલે વેકેશન. આ ભૂરિયાઓએ જતાં જતાં દેશને તો ગુલામીમુક્ત કર્યો સાથે સાથે સમર વેકેશનની ટેવ પાડીને આખા દેશના વાલી, વિદ્યાર્થીને શિક્ષકો પર મોટો ઉપકાર કરતા ગયા. જોકે ભારતીય ગુરુકુળ શિક્ષણ પ્રથામાં બાળક દીક્ષા ગ્રહણ કર્યા બાદ પરિવારના કોઈ પણ સારા કે માઠા પ્રસંગે પણ ઘેર આવી શકતો નહોતો. અને અત્યારે તો પ્રથમ સત્રના પહેલા દિવસે જ વિદ્યાર્થીને અપાતી આયોજન અને ગૃહકાર્ય દૈનંદિનીમાં સહુની નજર વર્ષાન્તે પડનાર વેકેશનની તારીખ પર પહેલા જ જાય. કોઈને મામાને ઘેર જવાની ઉતાવળ હોય તો કોઈને ઘેર પ્રસંગોની તારીખ તો કોઈ ઘેર પ્રવાસ આયોજન.

આ બધાની વચ્ચે સમાજનો મોટો વર્ગ એવો છે જે પોતાનું કે પરિવારનું વિચારે તે પહેલાં પોતાની ફરજનિષ્ઠાને અગ્રતા આપે છે. અને એ મોટો વર્ગ તે શાળાના પ્રધાનાચાર્ય – આચાર્ય. અને પણ એમાંના એક. વર્ષ આખું શિક્ષણ, વહીવટ, પરીક્ષા - પરિણામની પ્રક્રિયામાં જ પસાર થયા. વેકેશનમાં પણ આચાર્ય તો શાળા પ્રાંગણ છોડે જ નહિ.

કેટલાક વિશેષ આચાર્યને કશુંક વિશેષ કરવાનું સૂઝે. એટલે એ ‘વેકેશનોત્સવ’ ઉજવે. આ ઉત્સવ ઉજવવા માટે આપણે કેટલા સમૃદ્ધ છીએ ! શાળા મકાન અને મેદાન, પૂરું રાચરચીલું, પૂરતો સમય તો ખરાં જ. વળી ઉત્સવના હિસ્સેદાર બનવા માટે શાળાના વિદ્યાર્થીઓ તો ખરા જ અને શાળા નજીકના વિસ્તારના ઉત્સુક બાળકો પણ. શાળામાંથી અને સમાજમાંથી રુચિકર શિક્ષકો અને નિષ્ણાત સેવા તો મળવાની જ છે. અને સૌથી વધારે ઉત્સવ અને ઉત્સહપ્રિય આચાર્યનો જોસ્સો.

હવે થાય આયોજનના આવકાર - ભરપૂર યાદી છે ઉત્સવોની. અનુકૂળતા અનુસાર પસંદ કરવાના છે. વર્ગશિક્ષકો તો પરિણામની પૂર્તતામાં પડ્યા હતા. નિરીક્ષક અને બે-ચાર વરિષ્ઠ શિક્ષકો સાથે આચાર્યશ્રીએ બેઠક કરી. ઉત્સવના પાસાં વિચારાયાં. સૂચનો શરુ થયાં. વેકેશનમાં ચારથી પાંચ જ્ઞાનવર્ધક દસ્તાવેજી અને ઉત્તમ ચરિત્રવાળા ચલચિત્રો શાળામાં બતાવવાં. તો ગણિત શિક્ષક શૈલેષભાઈએ વિદ્યાર્થીને વેદિક ગણિત શીખવવાની જવાબદારી લઈ લીધી.

સંસ્કૃતના શિક્ષક શાંતિભાઈએ તો સુભાષિતોની સાથે રોજબરોજના વ્યવહાર વાક્યો માટે સંસ્કૃત સંભાષણમાં બાળકોને પ્રેરિત કરવાનું વચન આપી દીધું. શીલાબહેન તો ભરતનાટ્યમ્‌માં વિશારદ થયેલાં. તેમને પસંદ કરેલી બાળાઓને નૃત્યની પ્રાથમિક સમજણ આપવાનું સ્વીકારી લીધું. મીનાબહેને એક નવું સૂચન મૂક્યું. ‘દીકરીઓને સલાડ તૈયાર કરવાનું અને ઘેર આવેલા મહેમાનો માટે નાસ્તા પ્લેટને શણગારવાનું શીખવીએ તો કેવું ?’

વ્યાયામ શિક્ષક કાંતિભાઈ સાંજના સમયે ક્રિકેટના વ્યવસાયિક તાલીમ નિષ્ણાત {કોચ} તરીકે તો બહાર સેવા આપતા જ હતા. આ વખતે વેકેશનમાં શાળાની જ 14 અને 19 વર્ષની નીચેની મજબૂત ટીમ બનાવવાનો સંકલ્પ આચાર્યશ્રી પાસે જાહેર કરી દીધો.

શિક્ષકખંડમાં વાત પહોંચી. પરિણામ તૈયાર થઈ ગયું હતું એટલે સુભાષભાઈ દોડતા દોડતા આચાર્ય કક્ષમાં આવ્યા. 'સાહેબ, કદાચ ખબર હશે જ કે હું ટેલિવિઝનમાં આવતી જ્ઞાન પ્રશ્નોત્તરીમાં ભાગ લેવા બે વર્ષથી તૈયારી કરું છું. જો આપણા બાળકોને આ વિચાર તરફ લઈ જવાય તો તેમની એક નવી દિશા અત્યારથી જ ખુલે...' આચાર્યશ્રી તો ઊભા જ થઈ ગયા. 'સુભાષભાઈ, તમે તો મારા મનની વાત કરી દીધી. આમ પણ ભવિષ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષા અને આગળ જતાં રૂબરૂ મુલાકાત વખતે પણ સામાન્ય જ્ઞાનની ખૂબ આવશ્યકતા રહે જ છે. આ વલણ કેળવવાની ખાસ જરૂર છે.'

સ્પષ્ટ આયોજન માટે સમિતિ રચના થઈ ગઈ. પરિણામ આપવાના દિવસે વિગતવાર જાહેરાત થઈ. વિદ્યાર્થીઓના ચહેરા ઝૂમી ઉઠ્યા. દરેક પ્રવૃત્તિ અનુસાર નામ, જવાબદારી વાહક, નામ નોંધણી, સમય ફાળવણી વગેરે ગોઠવાયાં. સુમંતભાઈએ બહારથી બોલાવવાના વિષય નિષ્ણાતોની યાદી પણ તૈયાર કરી લીધી. તેનો ભાર પણ પોતે ઉપાડી લીધો. રંગેચંગે અને ખૂબ ઉત્સાહ વચ્ચે સમય દોડતો ગયો. અને શાળાનું વેકેશન એક ભવ્ય 'વેકેશનોત્સવ' બની ગયું.

મિત્રો, ઇરાદો શુભ હોય તો કાર્ય હંમેશ સફળ અને સરળ થાય. અને સાથે સાથે વેકેશન આપણાં માટે રાચરચીલા મરામતવાળું ચીલાચાલુ ન બની જાય તે પણ વિશેષ મહત્ત્વનું છે.

વળી, વર્ષ આંખમાં ઘણીવાર સહાભ્યાસિક પ્રવૃત્તિને યોગ્ય ન્યાય ન અપાયો હોય તો તેનું પણ સમતોલન થઈ જાય. સમાજનો ઘણો મોટો વર્ગ પોતાના બાળકોનું વેકેશન સુધારવા વધારાના સેંકડો રૂપિયા ખર્ચીને 'સમર કેમ્પ' મૂકે છે, પણ શાળા જ જો આયોજન કરે તો બહોળા વાલી વર્ગને ગમે. અને લાંબે ગળે શાળાની સમાજ પર ઉત્તમ છાપ ઉભી થાય, નામ થાય. તેની સીધી અસર નવા પ્રવેશ પર પણ થાય.

ક્યારેક થોડા થોડા નિરાશાવાદી કે કાર્યબોજવાળા આચાર્ય મિત્રોને આ વધારાનું ઉભું કરેલું તુત લાગે. પણ મિત્રો એક વાત યાદ રાખવા જેવી છે કે ક્યારેક કોઈ નાના કુંડામાં રોપેલું એક બીજ અચાનક વૃક્ષ બની જાય ત્યારે તેના રોપનાર હાથનું ગૌરવ કેટલું અંકાય ! શાળાના અનેક વિદ્યાર્થીઓમાં આવાં અંકુરણ પડેલાં છે. એને માટી-પાણી આપીએ.

આમ પણ આપણે તો વેકેશનનો પૂરો અર્થભંગ મેળવીએ જ છીએ. અને કદાચ થોડો વધારે કાર્યબોજ લાગે તો સમજવું કે કરેલું વધારાનું નિઃસ્વાર્થ કાર્ય એ આનો ભગવાનનો ભાગ છે. ભગવાનનું કાર્ય છે. જે ભગવાન જુએ જ છે, તેની જરૂર નોંધ લે જ છે. ક્યાંક આઘાત-પ્રત્યાઘાત આવે તો સમજવું કે આપણું કાર્ય સત્કાર્ય જ છે.

આવો વેકેશનોત્સવની ભવ્ય ઉજવણી માટેની વિચારમાળામાં નવા મોતી ઉમેરવાનું શરુ કરી દઈએ.

# "શિસ્ત એ સંસ્કાર છે... સંસ્કાર વગર શિક્ષણ નકામું છે !"

**- જી. એસ. દેધરોટીયા,** પાટણ
પૂર્વ આચાર્ય, ઈલોલ હાઈસ્કૂલ, ઈલોલ.
જિ. સાબરકાંઠા. (મો.) 9427779606

"એકતા અને અનુશાસન" કોઈ પણ વ્યવસ્થાને સુદૃઢ બનાવે છે... શાળા કે કોલેજ હોય કે સરકારી કોઈ પણ વિભાગ હોય.. કોઈ પણ તંત્ર ત્યારે સુવ્યવસ્થિત કામ કરે જ્યારે તેની સાથે સંકળાયેલા તમામ લોકોમાં શિસ્ત હોય... આજે આપણે જોઈ શકીએ છીએ કે કોઈ પણ સંસ્થા કે સરકારી વિભાગ હોય અથવા શાળા કોલેજમાં જઈએ ત્યારે સમગ્ર વ્યવસ્થા ખોવાયેલી લાગે છે... કોઈ જવાબદાર વ્યક્તિ નથી... તેના અનેક કારણો છે... પરંતુ જો આ તમામને યોગ્ય તાલીમ આપવામાં આવેલી હોય તો... અનુશાસન, નિયમિતતા, નિષ્ઠા... નીતિમત્તા.. નમ્રતા.. આ તમામ બાબતો વિકસાવી શકાય... શાળા અને કોલેજોમાં શિસ્તનો પ્રશ્ન માત્ર નિયમો બનાવવાથી કે દંડ આપવાથી ઉકેલાતો નથી; તે એક સંસ્કાર, એક વ્યવહાર અને એક જીવનપદ્ધતિ છે. આજના સમયમાં શિક્ષણ ક્ષેત્રમાં સૌથી મોટો પડકાર જ્ઞાન આપવાનો નથી, પણ શિસ્ત અને સંસ્કારનો અભાવ દૂર કરવાનો છે. આ સંદર્ભમાં ઘણી વાર એવો વિચાર ઉપજે છે કે જો શિક્ષકો અને અધ્યાપકોને સૈનિકોની જેમ મિલિટરી તાલીમ આપવામાં આવે, તો કદાચ શિક્ષણ સંસ્થાઓમાં શિસ્ત વધુ મજબૂત બને. આ વિચાર માત્ર એક કલ્પના નથી, પરંતુ તેની પાછળ એક ઊંડો તર્ક અને પ્રયોગાત્મક દૃષ્ટિ છે.

મિલિટરી તાલીમનો મુખ્ય આધાર છે - સમયપાલન, આદેશપાલન, શિસ્ત, આત્મનિયંત્રણ અને ટીમવર્ક. જો આ ગુણો શિક્ષકોમાં વિકસિત થાય, તો તેઓ માત્ર પાઠ્યપુસ્તકનો જ જ્ઞાન નહીં, પરંતુ જીવન જીવવાની રીત પણ વિદ્યાર્થીઓને શીખવી શકે. આજે ઘણી શાળાઓમાં શિક્ષકો પોતે સમયસર નથી આવતા, પાઠમાં ગેરહાજર રહે છે અથવા પોતાનું દાયિત્વ માત્ર નોકરી તરીકે નિભાવે છે. આવા પરિસ્થિતિમાં વિદ્યાર્થીમાંથી શિસ્તની અપેક્ષા રાખવી એ અયોગ્ય છે.

મિલિટરી તાલીમ શિક્ષકને માત્ર શારીરિક રીતે મજબૂત બનાવતી નથી, પરંતુ માનસિક રીતે પણ દૃઢ બનાવે છે. એક સૈનિક ક્યારેય પરિસ્થિતિઓથી ડગતો નથી; તે દરેક સંજોગોમાં પોતાની ફરજને પ્રાથમિકતા આપે છે. જો શિક્ષકોમાં આ ભાવના વિકસિત થાય, તો તેઓ શિક્ષણને એક પવિત્ર જવાબદારી તરીકે લેશે, ન કે માત્ર પગાર માટેનું સાધન. આવી સ્થિતિમાં શિક્ષણ સંસ્થાઓમાં આપમેળે શિસ્તનું વાતાવરણ ઉભું થશે.

વિદ્યાર્થીઓ માટે શિક્ષક એક આદર્શ હોય છે. જો શિક્ષક પોતે શિસ્તબદ્ધ હશે, તો વિદ્યાર્થી તેની નકલ કરશે. આ માનવ સ્વભાવ છે કે આપણે જે જોયે છે તે શીખીએ છીએ. જો શિક્ષક સમયપાલન કરે, નિયમોનું પાલન કરે, અને પોતાના વર્તનમાં શિસ્ત દર્શાવે, તો વિદ્યાર્થી પણ એ જ માર્ગ પર ચાલશે. આ માટે શિક્ષકોને સૈનિક તાલીમ આપવી એ એક સકારાત્મક પગલું બની શકે છે.

આ સાથે સાથે, માત્ર શિક્ષણ ક્ષેત્ર જ નહીં, પરંતુ અન્ય સરકારી અને ખાનગી વિભાગોમાં કામ કરનાર કર્મચારીઓ માટે પણ આવી તાલીમ ફરજીયાત બનાવવી જોઈએ. આજના સમયમાં ઘણી સરકારી કચેરીઓમાં લોકો સમયસર કામ નથી કરતા, લોકોની સમસ્યાઓને ગંભીરતાથી લેતા નથી, અને પોતાના કામ

પ્રત્યે બેદરકાર રહે છે. જો આવા કર્મચારીઓને સૈનિક તાલીમ આપવામાં આવે, તો તેઓમાં જવાબદારી અને શિસ્તનો વિકાસ થશે.

જાહેર જીવનમાં કાર્યરત વ્યક્તિઓ - જેમ કે રાજકારણીઓ, સામાજિક કાર્યકરો, અને નેતાઓ - માટે પણ આવી તાલીમ ખૂબ જ જરૂરી છે. આજે ઘણા નેતાઓ માત્ર સત્તા માટે રાજકારણ કરે છે, પરંતુ સમાજ માટેની તેમની પ્રતિબદ્ધતા નબળી હોય છે. ફાવે તેમ નિવેદનો કરે છે... ભ્રષ્ટાચાર ને શિષ્ટાચાર બનાવી દીધો છે.. જો તેમને સૈનિક તાલીમ આપવામાં આવે, તો તેઓમાં દેશપ્રેમ, ફરજ પ્રત્યેની નિષ્ઠા અને શિસ્તનો વિકાસ થશે. આથી તેઓ સમાજ માટે વધુ જવાબદાર બની શકે છે.

મિલિટરી તાલીમ વ્યક્તિને સ્વાનુશાસન શીખવે છે. આ શિસ્ત બહારથી લાદવામાં આવતી નથી, પરંતુ અંદરથી વિકસિત થાય છે. જ્યારે વ્યક્તિ પોતે શિસ્તબદ્ધ બને છે, ત્યારે તેને કોઈ નિયંત્રણની જરૂર રહેતી નથી. આ જ સાચી શિસ્ત છે. જો શિક્ષકો, કર્મચારીઓ અને નેતાઓમાં આ પ્રકારની શિસ્ત વિકસિત થાય, તો સમગ્ર સમાજમાં એક સકારાત્મક પરિવર્તન આવી શકે છે.આજના યુગમાં ટેક્નોલોજી અને સુવિધાઓ વધી રહી છે, પરંતુ શિસ્ત અને મૂલ્યો ઘટતા જાય છે. લોકો સરળ રસ્તાઓ શોધે છે, મહેનતથી દૂર ભાગે છે, અને જવાબદારી ટાળે છે. આ પરિસ્થિતિમાં સૈનિક તાલીમ એક એવો ઉપાય બની શકે છે, જે વ્યક્તિને મજબૂત બનાવે છે, તેને જવાબદાર બનાવે છે, અને તેને જીવનમાં આગળ વધવા માટે પ્રેરણા આપે છે.પરંતુ, અહીં એક મહત્વપૂર્ણ પ્રશ્ન પણ ઉદ્ભવે છે – શું દરેક વ્યક્તિ માટે મિલિટરી તાલીમ યોગ્ય છે? આનો જવાબ છે – તાલીમનું સ્વરૂપ અને તેનો અમલ મહત્વનો છે. આ તાલીમને કડક સૈનિક શિસ્ત તરીકે નહીં, પરંતુ જીવન કૌશલ્ય તરીકે આપવામાં આવવી જોઈએ. તેમાં શારીરિક કસરત, સમયપાલન, ટીમવર્ક, નેતૃત્વ, અને માનસિક મજબૂતી જેવા પાસાઓનો સમાવેશ થવો જોઈએ.

શાળાઓ અને કોલેજોમાં આવી તાલીમને અભ્યાસક્રમનો એક ભાગ બનાવવો જોઈએ. વિદ્યાર્થીઓને નાની ઉંમરથી જ શિસ્ત અને જવાબદારી શીખવવી જોઈએ. જો વિદ્યાર્થી જીવનના આરંભથી જ આ ગુણો વિકસાવે, તો તે આગળ જઈને એક સારા નાગરિક બની શકે છે.

શિક્ષકો માટે આવી તાલીમ ફરજીયાત બનાવવી એ એક ક્રાંતિકારી વિચાર છે. આથી શિક્ષણ ક્ષેત્રમાં એક નવી ઉર્જા અને નવી દિશા આવશે. શિક્ષકો માત્ર જ્ઞાન આપનાર નહીં, પરંતુ જીવન ઘડનાર બનશે. તેઓ વિદ્યાર્થીઓને માત્ર પાઠ નહીં, પરંતુ જીવનના પાઠ શીખવશે.

અંતમાં, શિસ્ત એ કોઈ એક દિવસમાં વિકસતી વસ્તુ નથી. તે એક સતત પ્રક્રિયા છે, જે માટે પ્રયત્ન, પ્રતિબદ્ધતા અને યોગ્ય માર્ગદર્શન જરૂરી છે. મિલિટરી તાલીમ એ એક સાધન બની શકે છે, જે વ્યક્તિને આ માર્ગ પર આગળ વધવામાં મદદ કરે છે. જો આપણે સમાજમાં શિસ્ત અને સંસ્કાર લાવવા માંગીએ, તો શિક્ષણ ક્ષેત્રથી શરૂઆત કરવી પડશે. અને આ માટે શિક્ષકોને સશક્ત અને શિસ્તબદ્ધ બનાવવું એ પ્રથમ પગલું છે.

શિસ્ત વિના શિક્ષણ અપૂર્ણ છે, અને શિસ્ત વિના સમાજ અસ્થિર છે. તેથી, સમયની માંગ છે કે આપણે નવી વિચારધારા અપનાવીએ, અને શિક્ષણ તથા જાહેર જીવનમાં શિસ્તને પ્રાથમિકતા આપીએ. મિલિટરી તાલીમ આ દિશામાં એક મહત્વપૂર્ણ અને અસરકારક પગલું બની શકે છે, જે આપણા સમાજને વધુ મજબૂત, સંસ્કારી અને પ્રગતિશીલ બનાવશે.

# શિક્ષણ : રૂપાંતરણ પ્રક્રિયા (દલિત શ્રમિક બાળા - શિક્ષિકા - સંત)

**પ્રેષક : પ્રિ. નર્મદભાઈ ત્રિવેદી**
પૂર્વપ્રમુખ, ગુ.રા. આચાર્ય સંઘ
સંયોજક, 'સમન્વય' ગુજરાત
(મો.) 94263 62545

**"કેટલાં લીટાં કર્યાં, મેં જિંદગીની સ્લેટ પર,**
**કો'ક કાગળ, કો'ક લીટી, ભાગ્યનું સર્જન કરે."**

શિક્ષક પરિવર્તનનો પરિવ્રાજક ગણાય છે, જો તે સાચે જ શિક્ષક હોય ! માત્ર લાયકાતના ધોરણે નહીં, પરંતુ લાગણીના ધોરણે ઘડાયેલો હોય તો તેની પ્રત્યેક ક્રિયા નવસર્જન બને છે. જીવી ખાનારા નહીં, જીવી જનારા શિક્ષકો જ શિક્ષણજગતની પ્રતિષ્ઠા કંડારે છે !

શિક્ષક અનુયાયી બનવાને બદલે જો ઉત્તરાધિકારી બને તો માત્ર પ્રણાલિકાને જાળવી રાખવાને બદલે ઉત્તરદાયિત્વનો સ્વીકાર કરી, નિભાવતાં શીખે. શિક્ષકની પ્રતિબદ્ધતા શિક્ષણમાં રૂપાંતરણ પ્રક્રિયાને વેગવંતી અને સમૃદ્ધ બનાવે છે.

વિકાસ ક્રમિક થતો હોય છે. બાળક, કુમાર, યુવક, પ્રૌઢ, વયસ્ક, વૃદ્ધ - આ જીવનની અવસ્થાઓ, માત્ર સ્વકીય નથી, પરકીય છે. સ્વવિકાસ આપણે કરી શકીએ. બાળપણ, કુમારાવસ્થા, યુવાની, સંસાર, સંતાનો, ઘડતર, યશ, અપયશ, ગૌરવ, પ્રતિષ્ઠા, શ્લાઘા જાતને ઘડે છે. પરિવાર પણ ઘડાય... જે આપણે કરી શકીએ.

પણ જ્યારે પ્રેરણા પામવાની વાત આવે ત્યારે પારિવારિક વિકાસ જરૂરી બને. ફેમિલી પ્લાનિંગ કરવું પડે. સ્વબાળઉછેર, ટેવોનું નિરૂપણ, રોપણ, ધ્યેય અને સિદ્ધાંતલક્ષિતા જાળવવી પડે. પાછલી ઉંમરે અર્થ, યશ, સન્માનપ્રાપ્તિ, દેશ-વિદેશ સફર, સંતોષ પ્રાપ્તિ કરાવનાર નીવડે તો યશ મળે.

અગત્યની ભૂમિકા 'કોમ્યુનિટી ગ્રોથ'ની છે. સમાજ વિકાસની છે. રૂપાંતરણ પ્રક્રિયાની પરિપક્વતા સમજાય. સમાજસેવા, સંસ્થા નિર્માણ, માવજત, સાતત્ય જાળવણી, સહભાગિતા પ્રેરણા, સિદ્ધિપ્રાપ્તિ આ સમયે જીવન ઘડતરની શ્રેષ્ઠ ભૂમિકા નિર્માણ કરે છે.

યુવાનીમાં લીધેલી ટેક અને આદર્શોનું પણ પાળવાની આ ઘડી, પરીક્ષારૂપ બને છે. તેને પસાર કરવી, પરિશ્રમ, ચિત્ત-એકાગ્રતા, વિવેક વગેરે માગી લે છે. તો બધું સમુંસુતરું પાર પડે, તો ચોથી અવસ્થા આધ્યાત્મિક વિકાસ આપોઆપ સફળ બને છે. અનુભવોથી માણસ ઘડાય છે. પાઠ-પૂજા, યાત્રા, કથાશ્રવણ,

વાંચન, મનન, ચિંતન, લેખન, સંવાદ વગેરે મૂલ્યોના ઘડતર માટે આવશ્યક બને છે.

વર્ગમાં 35 મિનિટનું વિષયશિક્ષણ અને પાંચ મિનિટનું નીતિશિક્ષણ અપાય તો વિદ્યાર્થીનું જીવન ઘડતર અવશ્ય થાય. વર્ગશિક્ષણથી સંપન્ન વિદ્યાર્થી ઊંચી ટકાવારી પરીક્ષામાં મેળવે, પણ પાંચ મિનિટનું નીતિશિક્ષણ તેનામાં કૌશલ્યવર્ધન કરે છે. સંઘર્ષ અને મુશ્કેલી મજબૂત માણસો પેદા કરે છે. પોતાના સામર્થ્યથી સમય અને જીવન બન્ને આસાન બનાવી દે છે.

જે શિક્ષક તેના પ્રત્યક્ષ અને પુરોક્ષ કાર્યાનુભવોથી, વિદ્યાર્થીમાં સર્જનાત્મકતા, તાર્કિકતા, પ્રત્યાયન કળા અને સહજીવનની સહભાગિતા - સહયોગ ભાવના નિર્માણ કરી શકે, તે શિક્ષક શિક્ષણને રૂપાંતરણ પ્રક્રિયામાં પરિવર્તિત કરી શકે.

નક્કર ઉદાહરણ આપણી સામે છે. એક દલિત શ્રમજીવીની દીકરી. શાળામાં, પ્રાથમિક શાળામાં શિક્ષકોના પ્રયાસથી પ્રવેશે છે. ત્યારે પ્રવેશોત્સવ નહોતા ઉજવાતા ! બાપા ચંપલ, જોડા સીવતાં ચમાર અને માતા કૃષિકારોના ખેતરની ખેતમજૂર. પાકની ઋતુમાં મજૂર વધુ જોઈએ. એથી ઘરની અર્થવ્યવસ્થા જાળવવા માતા દીકરીને શાળાને બદલે ખેતરમાં મજૂરીએ લઈ જાય. ભણવાની વૃત્તિ, છતાંય મજૂરી કરવા જવું પડે. ઉમંગી, હેતવાળી શિક્ષિકા, દલિત બાળાની માતાને મળી, સમજાવી, શાળામાં બોલાવી લેતાં. સદ્ભાગ્યે વતનના શુભેચ્છકોએ, બાળાનું ભણતર ન અટકે તે માટે તેના મા-બાપ પરિવારના ભરણપોષણની જવાબદારી ઉઠાવી પૂણ્યનું કામ કર્યું.

શિક્ષિકાની હૂંફ, પ્રેરણા અને દલિત દીકરીના ભણતરની લાગણી, દલિત દીકરી માટે આશીર્વાદ પુરવાર થયા. દલિત દીકરીના સદ્ભાગ્યે, શિક્ષિકાની દીકરી પણ એ જ શાળામાં, એ જ વર્ગમાં સહપાઠિની હતી. બન્ને વચ્ચે દલિત અને સવર્ણ દીકરીઓ વચ્ચે મૈત્રી નિર્માણ કરી, શિક્ષિકા બહેને દલિત દીકરીના ભાગ્યનું નિર્માણ હાથ ધર્યું. સાત ધોરણ સુધી ભણી. દલિત દીકરીની માતાએ, દીકરી વધુ ભણે તો સમાજમાં સગપણ શોધવું ભારે પડે, માની અભ્યાસ બંધ કરવા વિચાર્યું.

તેની સહપાઠિની સવર્ણ દીકરીએ તેને સમજાવી હાઈસ્કૂલમાં દાખલ કરાવવા મથી. આચાર્યશ્રી અને ગુરૂજનો આવાં દલિત, ગરીબ, અનાથ, અપંગ બાળકો માટે વિશેષ જોગવાઈ કરી, હાઈસ્કૂલમાં દાખલ કરતા, કેળવતાં.

દલિત દીકરી, સવર્ણ દીકરીના સહયોગે ધોરણ 8થી 12 સુધી ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તીર્ણ થઈ. વળી પાછો ઉચ્ચ ભણતરનો સવાલ ઊભો થયો.

તેની માતા સંતની ભૂમિકામાં પહોંચ્યા. પિતાનો સ્વર્ગવાસ થયો. ભાઈ નહોતો. ત્રણ બહેનો હતી. ત્રણેમાં, આ દીકરી મોટી હતી. વતનના શુભેચ્છકોએ હાઈસ્કૂલના પ્રિન્સિપાલની યોજના સ્વીકારી, દલિત

દીકરીને, સવર્ણ દીકરી (પ્રિન્સિપાલની દીકરી) જોડે ઉચ્ચશિક્ષણ લેતી કરી. દલિત દીકરી એમ.એ., એમ.એડ્. થઈ. સ્કોલરશીપથી રાહત કરી આપી. સવર્ણ દીકરી એમ.એ.,એમ.એડ્.,પીએચ.ડી. થઈ. દલિત દીકરીને પ્રિન્સિપાલ સાહેબે ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષિકા તરીકે ગોઠવી. સવર્ણ દીકરી બી.એડ્. કોલેજમાં પ્રાધ્યાપક, પછી પ્રિન્સિપાલ બની. ધન્યવાદ !

દલિત દીકરી વતનથી દૂરની શાળામાં શિક્ષિકા હતી. વતનની માતૃસંસ્થામાં તેના વિષયના શિક્ષકની જગ્યા થતાં, પ્રિન્સિપાલ સાહેબે કેળવણી મંડળ સાથે પરામર્શ કરી, દલિત દીકરીને માતૃસંસ્થામાં શિક્ષિકા તરીકે ગોઠવી. વિદ્યાર્થીઓની પ્રિય શિક્ષિકા બની. પ્રેમ, પ્રેરણા, વાત્સલ્ય અને ભલી લાગણીથી લોકપ્રિય બની. પ્રિન્સિપાલ સાહેબ એ અગાઉ અન્યત્ર સપિરાવર સાથે જોડાયા. દલિત દીકરી બ્રહ્મ સંસ્કાર પામી, સંસ્કારમૂર્તિ બની.

સંતની ભૂમિકામાં રહેલા તેનાં વાત્સલ્યમૂર્તિ બાએ તેનાં ઘડવૈયા, પ્રા. શિક્ષિકા, બહેનપણી અને પ્રિન્સિપાલ સાહેબને ગણી, “સાચાં મા-બાપ તો આપ છો” કહી ભારોભાર વંદના કરી, આશીર્વાદ દીધાં. એક ગરીબ દલિત દીકરી અને પ્રિન્સિપાલશ્રીની તથા ગુરૂજીઓની ભલી લગાણીથી “શ્રમિક”માંથી “સંસ્કારી શિક્ષિકા” અને છેલ્લે “સંત”ની ભૂમિકામાં રૂપાંતરિત થઈ.

ચમારની દીકરી, સરસ્વતીની કૃપાથી અને શિક્ષકોની ભલા લાગણી અને ઉદાહતાથી શિક્ષિકા બની. કાવ્યો, ગીતો, ભજન, સત્સંગી પ્રવચનો નિર્માણ કર્યા. સંત વૃદ્ધ બાની સેવાર્થે, લગ્ન ન કરવાનો સંકલ્પ લઈ બેઠી. પ્રિન્સિપાલ સાહેબે અને બહેને સમજ આપી પરંતુ દૃઢ નિશ્ચયથી દલિત શિક્ષિકાએ, આજીવન બ્રહ્મચર્ય સ્વીકારી બ્રહ્મચારિણી બની રહી. બાનું નિધન થતાં સંસ્કારી ગ્રામજનોએ બાની સમાધિ નિર્માણ કરી. બા અઢી દાયકા સંતની ભૂમિકામાં રહ્યાં. સેવકો સેવા પૂરી પાડતા. શિક્ષિકા દીકરીએ બન્ને બહેનોનાં જીવન ઘડ્યાં. બા મોક્ષમાર્ગે જતાં શિક્ષિકા દીકરીએ, સંતની ભૂમિકામાં બાની, સમાધિ પીઠિકા સંભાળી, સેવકોને શુભાશિષ દેતી રહી. ‘શાન્તા ચમાર’ મૂળ નામ બદલી ‘સંત મૂળદાસ’ તરીકે પ્રભુભક્તિમાં લીન રહી, નિવૃત્તિ સંતની ભૂમિકામાં ગાળી, તાજેતરમાં મોક્ષમાર્ગે સિધાવી. ॥ ૐ શાંતિ ॥ નિંભાડામાં શેરનો ઉછેર શિક્ષકો જ કરી શકે. ખંતીલા, જીવી જનારા, ઉત્તરાધિકારી શિક્ષકો, આચાર્યોથી શિક્ષણ સાચે જ રૂપાંતરણ પ્રક્રિયા બની રહી છે.

‘‘स्वे स्वे कर्मण्येभक्तिः संसिद्धिं लभते नरः ॥’’

Aum Imagineering Pvt. Ltd.

## ગુજરાતમાં સૌથી વધુ શાળાઓમાં ઉપયોગમાં લેવાતો એકમાત્ર સોફ્ટવેર

## School Automation System


- શાળા તથા સંચાલક મંડળની માહિતી
- વિદ્યાર્થીના જી.આર. વિગતો અને વિદ્યાર્થીને લગતા તમામ પત્રકો
- વિદ્યાર્થીની શાળા, ટ્રાન્સપોર્ટ, હોસ્ટેલ ફી ની તમામ વિગતો અને ફી ના તમામ પત્રકો
- વિવિધ પરીક્ષાની માર્કશીટ તથા પરિણામ પત્રકો
- કર્મચારીઓની અને પગારની તમામ વિગતો અને પત્રકો
- SMS હાજરી, ફી, જન્મદિવસ, પરિણામ ને લગતા મેસેજ અને કસ્ટમ મેસેજ

### અમારા અન્ય સોફ્ટવેર

- OMR Solution (OMR Sheet Scanner)
- સ્કૂલ એકાઉન્ટિંગ સિસ્ટમ
- લાઈબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમ
- ટાઈમ ટેબલ મેનેજમેન્ટ સિસ્ટમ

**Tally Accounting Software Certified Partner**

TALLY CERTIFIED PARTNER 3-Star Sales & Implementation | Tally POWER OF SIMPLICITY



### My School (મોબાઇલ એપ)

- એક સરળ અને સુરક્ષિત સ્કૂલ–પેરન્ટ કનેક્ટ એપ છે, જે દ્વારા પેરન્ટ્સને તેમના બાળકની હાજરી, હોમવર્ક, પરીક્ષા સમયપત્રક, સર્ક્યુલર, નોટિસ, સ્કૂલ ઇવેન્ટ્સ અને અન્ય તમામ મહત્વની માહિતી એક જ પ્લેટફોર્મ પર તરત નોટિફિકેશન સાથે મળી રહે છે; સાથે-સાથે શિક્ષકો દ્વારા શેર કરાયેલ સ્ટડી મટિરિયલ (દસ્તાવેજો, ફોટો, વિડિયો અને વેબ લિંક્સ) પણ જોઈ શકાય છે, જેના કારણે પેરન્ટ-ટીચર કોમ્યુનિકેશન, વિદ્યાર્થીની પ્રોગ્રેસ ટ્રેકિંગ અને સ્કૂલનું એડમિનિસ્ટ્રેશન કામ વધુ સુવ્યવસ્થિત અને સમય બચાવનાર બને છે.

### ટાઈમ અટેન્ડન્સ સિસ્ટમ



- બાયોમેટ્રિક "ફેસ–ફિંગરપ્રિન્ટ–કાર્ડ–પિન" આધારિત હાજરી અને એક્સેસ કંટ્રોલ મશીન, જેના ઉપયોગથી શાળા–કોલેજ, ઓફિસ, ફેક્ટરી જેવી સંસ્થાઓમાં કર્મચારીઓના આવવા-જવાના સમયની ચોક્કસ નોંધ રાખી શકાય છે અને સાથેમાં ૪૦ જેટલા વિવિધ વિગતવાર રિપોર્ટ પણ સરળતાથી મેળવી શકાય છે.



### Website Designing

- શાળા-કોલેજ, વ્યવસાયિક વેબસાઇટ ડેવલપમેન્ટ દ્વારા આપના ઑનલાઇન ઇમેજને મજબૂત બનાવી વધુ ગ્રાહકો સુધી અસરકારક રીતે પહોંચાડવામાં મદદરૂપ થશે.
- મોબાઇલ-ફ્રેન્ડલી અને ઝડપી લોડ થતી ડિઝાઇન સાથે, અદ્યતન સુરક્ષિત ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તમારી જરૂરિયાતોને અનુરૂપ સંપૂર્ણ રીતે કસ્ટમાઇઝ્ડ વેબસાઇટ

**"અમારા પ્રિય જૂના ગ્રાહકો માટે ખાસ ભેટ**
**હવે ઓફલાઇન સ્કૂલ સોફ્ટવેર પરથી ક્લાઉડ સ્કૂલ મેનેજમેન્ટ પર અપગ્રેડ કરો**
**અને મેળવો સ્પેશિયલ ડિસ્કાઉન્ટ સાથે વધુ ઝડપ, સુરક્ષા અને સુવિધા!"**
**તો આ ઓફરનો લાભ મેળવવા આજે જ અમારો સંપર્ક કરો**
**આભાર**

SPECIAL OFFER

**Aum Imagineering Pvt. Ltd.**

602-603A, Shapath - 1, Opp. Rajpath Club, S.G.Highway, Ahmedabad

Ph : +91 79 40054004, +91 79 35336235 Mobile : 76000 01219, 76000 02403, 98258 47773

www.aumimagineering.com E-mail : info@auminfosys.com

भारतनो गर्व


# स्वामी विवेकानंद



|| ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અટકો નોહ. ||

- જન્મ : 12 જાન્યુઆરી, 1863
- જન્મ સ્થળ : કોલકાતા, ભારત
- ગુરુ : શ્રી રામકૃષ્ણ પરમહંસ
- પ્રખ્યાત સ્થાન : શિકાગો, 1893
  વિશ્વ ધર્મ સંસદમાં ઐતિહાસિક ભાષણ

“ દરેક આત્મા સંભાવિત રીતે દેવી છે.
ધ્યેય તે દેવીતાને વ્યક્ત કરવાનું છે
કામ, ઉપાસના, ધ્યાન અથવા
જ્ઞાન — કોઈ પણ માર્ગે. ”



શક્તિશાળી બનો | વિચારો મહાન રાખો | લક્ષ્ય ઊંચા રાખો | માનવ સેવા એજ માધવ સેવા

“ એક વિચાર લો, એ વિચારને જ જીવન બનાવો, એના વિશે વિચારો,
એનું સપનું જુઓ, એના વિશે જીવવું શીખો. ”




રવાના :

**શ્રી અમિત આર. પંડ્યા**

શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧
મો. ૯૯૭૪૫૨૫૨૩૨

બુક-પોસ્ટ

પ્રતિ, શ્રી, ______________________________

______________________________

______________________________


માલિક : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ તંત્રી, મુદ્રક, ભાનુપ્રસાદ એ. પટેલ
મુદ્રણ : રિલાએબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લિ., ૩૦૧, પુનિત પ્લાઝા, આશ્રમ રોડ, નવગુજરાત કોલેજ પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪
પ્રકાશન સ્થળ : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ, સારસ્વત ભવન, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, પ્રિતમનગર, આશ્રમરોડ, અમદાવાદ.